

# ન્યુઝ 4 કચ્છ
‘વાત કચ્છીયતની’

સુવિચાર
હારવાના ભય કરતા
જીતવાની મહત્વકાંક્ષા
વધારે હશે તો સફળતા
તમારા હાથ માં હશે

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૨૭ તા.૧૩.૦૮.૨૦૨૪, મંગળવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 27 Dt. 13-08-2024, Tuesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# હિંડનબર્ગના ધડાકાની શેરબજાર પર નજીવી અસર, જો કે રાજકારણ ગરમાયુ

**હિંડનબર્ગ રિસર્ચ ફર્મ દ્વારા સેબી અને અદાણી ગ્રૂપ વચ્ચે લિંકના અહેવાલો વચ્ચે આજે શેરબજારમાં શુ તેની અસર થશે તેના પર સૌની નજર હતી તે વચ્ચે આજે શેરબજાર પર તેની નજીવી અસર દેખાઈ હતી રિપોર્ટની અસર અદાણી ગ્રૂપના સ્ટોક્સ પર જોવા મળી હતી અને અદાણી એન્ટરપ્રાઈઝના સ્ટોક્સમાં ૫ ટકાનો એકસાથે કડાકો બોલાઈ ગયો હતો.બાદમા રીકવરી દેખાઈ હતી જો કે દેશના રાજકારણમાં આ રીપોર્ટ બાદ ભાજપ-કોગ્રેસે આક્ષેપ પ્રતિઆક્ષેપો કર્યા હતા**

નવીદિલ્હી,તા.૧૨

ગયા અઠવાડિયે શેરબજારમાં ભારે અસ્થિરતા જોવા મળી હતી અને સેન્સેક્સમાં ૧૨૭૬ પોઈન્ટ એટલે કે ૧.૫૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ નિફ્ટી માં ૩૭૫.૬૫ પોઈન્ટ અથવા ૧.૫૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વિદેશી બજારોમાં ઉથલપાથલના કારણે આ ઘટાડો જોવા મળ્યો હતો.જો કે હિંડનબર્ગ રિસર્ચના નવા રિપોર્ટે ફરી એકવાર દેશમાં ભૂકંપ સર્જ્યો છે. શેરબજારમાં ડાઉનવર્ડ ટ્રેન્ડ જોવા મળી શકે છે આ વખતે શોર્ટ સેલર્સનો ટાર્ગેટ સ્ટોક માર્કેટ રેગ્યુલેટર સેબી ચીફ પર છે. એક યુએસ શોર્ટ-સેલરે આરોપ મૂક્યો છે કે સેબીના વડા માધવી પુરી બુચ અને તેમના પતિએ અદાણી જૂથ સાથે જોડાયેલા ઓફશોર ફંડ્સમાં હિસ્સો ધરાવે છે.હિંડનબર્ગના પ્રારંભિક અહેવાલને કારણે જાન્યુઆરી ૨૦૨૩માં અદાણીના શેરમાં કરોડો બિલિયનનો ઘટાડો થયો હતો. યુએસ કંપનીએ આરોપ મૂક્યો હતો કે બૂચ અને તેના પતિ ધવલે એક ફંડમાં રોકાણ કર્યું હતું. જેનો ઉપયોગ ગૌતમ અદાણીના મોટા ભાઈ વિનોદ અદાણી દ્વારા કરવામાં આવી રહ્યો હતો. બૂચ દંપતિએ હિંડનબર્ગના આરોપોને નકારી કાઢ્યા હતો , સેબીના વડા અને તેમના પતિએ સંયુક્ત નિવેદન જાહેર કરીને હિંડનબર્ગના આરોપોને નકારી કાઢ્યા હતા અને તેમને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવ્યા હતા. બૂચ દંપતીએ જણાવ્યું હતું કે, રિપોર્ટમાં કરાયેલા આક્ષેપો તદ્દન પાયાવિહોણા છે. આમાં બિલકુલ સત્ય નથી. આપણું જીવન અને આર્થિક પરિસ્થિતિ ખુલ્લી કિતાબ જેવી છે. તમામ જરૂરી ખુલાસાઓ સેબીને વર્ષો થી પહેલાથી જ આપવામાં આવી છે. અમને કોઈપણ નાણાકીય ડોક્યુમેન્ટ્સ જાહેર કરવામાં કોઈ ખચકાટ નથી.


સોમવારે સ્થાનિક શેરબજારમાં અસ્થિર વેપાર જોવા મળ્યો હતો. પ્રારંભિક ટ્રેડિંગમાં મોટા ઘટાડા છતાં, રોકાણકારો એ અમેરિકન શોર્ટ સેલર્સના અહેવાલને નકારી કાઢ્યો અને ખરીદી કરી, જેના કારણે સેન્સેક્સ એક સમયે ૩૦૦ પોઈન્ટ્સ મજબૂત થયો. જો કે છેલ્લા સત્રમાં બજારમાં ફરી વેચવાલી જોવા મળી હતી અને સેન્સેક્સ અને નિફ્ટી સપાટ બંધ રહ્યા હતા. સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે, ૩૦ શેરનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૬.૯૯ (૦.૦૭%) પોઈન્ટ ઘટીને ૭૯,૬૪૮.૯૨ પર બંધ થયો હતો. બીજી તરફ દૃગજીઈ ના ૫૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી ૨૦.૫૦ (૦.૦૮%) પોઈન્ટ ઘટીને ૨૪,૩૪૭.૦૦ ના સ્તર પર બંધ થયા છે.એ યાદ રહે કે શરૂઆતી આંચકો લીધા બાદ બજારે હિન્ડેનબર્ગ રિપોર્ટને ફગાવી દીધો છે.અદાણી ગ્રૂપ સહિતની કેટલીક મોટી કંપનીઓને પણ રિપોર્ટના કારણે મોટું નુકસાન થઈ શકે છે. પરંતુ શરૂઆતના તબક્કામાં થોડી ખોટ બાદ બજાર ઝડપથી રિકવર થયું અને હવે તે સુધરાઈ તરફ આગળ વધી રહ્યું હોવાનું જણાય છે. બજાર ચઢાવ-ઉતાર પછી સપાટ બંધ થઇ સેન્સેક્સ ૫૭ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૩૪૩૫૦ ની નીચે બંધ થયુ અદાણી ગ્રૂપની તમામ કંપનીઓના શેરમાં રિકવરી જોવા મળી, અદાણી ગ્રુપની કંપનીઓનું માર્કેટ કેપ રૂપિયા ૧૭ લાખ કરોડને પાર કરી ગયું. અદાણી સહિત જેના પર આક્ષેપો છે તેઓ તમામ બાબતોને પહેલાજ નકારી ચુક્યા છે. પરંતુ હવે આ મામલે ભારતનુ રાજકારણ ગરમાયુ છે ભાજપ-કોગ્રેસના વરિષ્ઠ નેતાઓએ આ અંગે પ્રતિક્રિયા આપી સમગ્ર મામલે પોતાનો પક્ષ રાખી આક્ષેપો કર્યા હતા અદાણી ગ્રૂપના શેરોમાં હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટની અસર પહેલા જેવી દેખાઈ રહી નથી.

## પ્રગતિ રોકવાનું ષડયંત્ર : ભાજપ



હિંડનબર્ગ રિસર્ચના નવા રિપોર્ટ પર રાજકીય ગરમાવો વધી ગયો છે.હિંડનબર્ગ રિસર્ચના નવા રિપ ોર્ટ ને લઈને ભાજપ અને કોંગ્રેસ બંને એકબીજા પર પ્રહારો કરી રહ્યા છે. ભાજપના નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે, ભારતીય રોકાણકારો હિંડનબર્ગ અને કોંગ્રેસની મિલીભગત અને સુઆયોજિત કાવતરાને સમજી ગયા છે. જેના કારણે, આજે પણ ભારતનું શેરબજાર સ્થિર છે. હિંડનબર્ગને ગત જુલાઈમાં નોટિસ આપવામાં આવી હતી પરંતુ તેનો જવાબ આપવાને બદલે હિંડનબર્ગે આ નવો મોરચો ખોલ્યો છે. કોંગ્રેસ અને તેમની ટુલકીટ દેશને નફરત કરે છે. દેશને આર્થિક રીતે નબળો પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં કોંગ્રેસ પણ સામેલ છે.ભાજપે હિંડનબર્ગના આરોપોને પાયાવિહોણા ગણાવીને કહ્યું છે કે દેશ વિરુદ્ધ આર્થિક ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. હિંડનબર્ગના લોકો ભારત વિરોધી પ્રચાર ચલાવે છે. શેરબજારને હચમચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધતા કહ્યું કે કોંગ્રેસ અને તેની ટુલકીટ દેશને નફરત કરે છે. ક્યારેક રાફેલનો પત્ર, ક્યારેક હિંડનબર્ગનો અહેવાલ આખરે કોંગ્રેસ શું ઈચ્છે છે ? દેશની પ્રગતિને રોકવાનું ષડયંત્ર છે. તેઓ આરોપ લગાવીને ભાગી જાય છે. હિંડનબર્ગના આક્ષેપો પાયાવિહોણા છે.હિંડનબર્ગ મારફતે કોંગ્રેસ, દેશનું શેરબજાર અને નાના રોકાણકારોને બરબાદ કરવા માંગે છે. રવિશંકર પ્રસાદે કહ્યું કે, હિંડનબર્ગમાં જ્યોર્જ સોરોસનું મુખ્ય રોકાણ છે, જેઓ ભારત વિરુદ્ધ સતત દુષ્પ્રચાર ચલાવે છે. કોંગ્રેસ જણાવે કે તેઓ શું ઈચ્છે છે ? રવિશંકર પ્રસાદે વધુમાં કહ્યું કે, તેમને આશા હતી કે કોંગ્રેસ, તેના સાથી પક્ષો અને ટૂલ કીટ, દેશમાં ત્રીજી વખત સત્તાથી વિમુખ રહ્યાં બાદ સંયમ અને શાંતિ જાળવી રાખશે.

## ચૂંટણીમાં લાભ કરાવ્યો : કોંગ્રેસ



હિંડનબર્ગે કરેલા ધડાકાને કારણે સાણસામાં આવેલા સેબી ચેરપર્સન માધબી બુચ અને અદાણી ગ્રુપના મુદ્દે કોંગ્રેસ અને ભાજપા વચ્ચે આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની રમઝટ મચી છે. એક પછી એક અઘરા પ્રશ્નો કરીને કોંગ્રેસે સત્તાધારી પાર્ટીને બરાબરની ભીંસમાં લીધી છે. આ મુદ્દે આક્ષેપ કરતાં કોંગ્રેસે સોમવારે કહ્યું હતું કે,‘અદાણી જૂથ પર કરાયેલી કાર્યવાહીનો સેબી(સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા) બચાવ કરી રહી છે અને ચેરપર્સન માધબી પુરી બુચને ક્લીન ચિટ આપી રહી છે, એને અમે નકારીએ છીએ.’ કોંગ્રેસે માંગ કરી હતી કે, આ મુદ્દે ‘સેબી સમાધાન કરી શકે એવી સંભાવના હોવાથી’ સુપ્રીમ કોર્ટે આની તપાસ સીબીઆઈને અથવા વિશેષ તપાસ ટીમને ટ્રાન્સફર કરવી જોઈએ. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે માધવી બુચના રાજીનામાની માંગ કરતાં કહ્યું હતું કે, ‘કમસેકમ સેબીની અખંડિતતા પુનઃસ્થાપિત કરવા માટે પણ સેબીના ચેરપર્સને રાજીનામું આપવું જોઈએ.આ મુદ્દે કોંગ્રેસે નીચે પ્રમાણેના પ્રશ્ન કર્યા હતા જેમાં શું સેબીના ચેરપર્સને એ ફંડ સામેની તપાસમાંથી પોતાને દૂર કરી દીધા છે? તપાસમાં વિલંબ કરાયો. શું એટલા માટે કે જેથી વિલંબથી અદાણી અને વડાપ્રધાન બન્નેને ફાયદો થાય? આ સમગ્ર મુદ્દે સેબીની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે, એનું શું? અમ્પાયર પોતે જ ફૂટી જાય તો મેચનું નિષ્પક્ષ પરિણામ આવે ખરું? સેબીએ અધૂરી તપાસ કરી હતી. સેબીએ તપાસના તારણો જાહેર કરવામાં એક વર્ષથી વધુ સમયનો વિલંબ કર્યો. આવા ‘સગવડતાપૂર્વકના વિલંબ’થી વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના ‘ખાસ મિત્રની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ’ બાબતે સ્પષ્ટતા આપવાથી બચી ગયા અને એમની ચૂંટણી-નૈયા પાર લાગી ગઈ.તો રાહુલે પણ સવાલો ઉઠાવ્યા છે.

## પરીક્ષા રદની અરજી સુપ્રીમે ફગાવી

સુપ્રીમ કોર્ટે સોમવારે યુજીસી-નેટ પરીક્ષા માટે બીજીવખત પરીક્ષા આયોજિત કરવાના નિર્ણયને પડકાર આપનારી અરજી ફગાવી દીધી. અરજીકર્તાઓએ ૧૮ જૂને આયોજિત થયેલી યુજીસી-નેટ પરીક્ષાને રદ કરવા અને બીજીવખત પરીક્ષા આયોજિત કરવાના નિર્ણયને પડકાર આપ્યો હતો. આ સંબંધિત દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે આની પર સુનાવણીથી ઈનકાર કરી દીધો. યુજીસી-નેટ પરીક્ષાનું આયોજન બીજીવખત ૨૧ ઓગસ્ટે થઈ રહ્યું છે. ચીફ જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડે કહ્યું કે ૯ લાખ લોકો પરીક્ષા આપવાના છે. તેમને અનિશ્ચિતતામાં ધકેલી શકાય નહીં. અમુક વિદ્યાર્થીઓનું કહેવું હતુ કે જૂનમાં થયેલી પરીક્ષાને રદ કરી દેવાઈ હતી. તેની સીબીઆઈ તપાસ ચાલુ છે દરમિયાન જ્યાં સુધી સીબીઆઈ તપાસ ચાલી રહી છે ત્યાં સુધી વિદ્યાર્થીઓ માટે પરીક્ષા આયોજિત કરવી જોઈએ નહીં. યુજીસી નેટ પરીક્ષા ૧૮ જૂને આયોજિત થઈ હતી પરંતુ આગલા જ દિવસે તેને રદ કરી દેવાઈ, કેમ કે સરકારને આ પરીક્ષામાં ગડબડી હોવાની જાણકારી મળી હતી. ચીફ જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે એ વાત પર જોર આપ્યું કે પરીક્ષા રદ કરીને બીજી વખત કરવાના નિર્ણયને બે મહિના વીતી ચૂક્યા છે. દરમિયાન અરજી પર વિચાર કરવાથી વિદ્યાર્થીઓ વચ્ચે અનિશ્ચિતતા વધશે અને તેના કારણે અરાજકતાનું વાતાવરણ ઊભું થઈ જશે. સ્ટિસે કહ્યું, ’આને અંતિમરૂપ માં રહેવા દો, આપણે એક આદર્શ દુનિયામાં રહેતાં નથી. ૨૧ ઓગસ્ટે પરીક્ષા થવા દો, વિદ્યાર્થીઓ માટે નિશ્ચિતતા જળવાઈ રહે.’ બેન્ચે કહ્યું કે પરીક્ષામાં ૯ લાખથી વધુ વિદ્યાર્થી ભાગ લઈ રહ્યાં છે અને માત્ર ૪૭ અરજીકર્તાઓએ તેને પડકાર આપ્યો છે.

## સિસોદિયા કરશે દિલ્હીમાં પદયાત્રા

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયા ૧૪ ઓગસ્ટ-થી દિલ્હીના લોકોને મળવા માટે પગપાળા યાત્રા શરૂ કરશે. પાર્ટીએ આની જાહેરાત કરી છે. અગાઉ, તેમણે આગામી વર્ષની શરૂઆતમાં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણીની વ્યૂહરચના અંગે ચર્ચા કરવા માટે AAPના ટોચના નેતાઓ સાથે બેઠક યોજી હતી.આ બેઠકમાં દિલ્હીના મંત્રી સૌરભ ભારદ્વાજ, આતિશી, ગોપાલ રાય અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહ, સંદીપ પાઠક સહિત આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ પણ ભાગ લીધો હતો. તમને જણાવી દઈએ કે ગોપાલ રાય પાર્ટીના દિલ્હી યુનિટના કન્વીનર પણ છે. AAPના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) સંદીપ પાઠકે જણાવ્યું હતું કે બેઠકમાં દિલ્હી વિધાનસભા ચૂંટણીની રણનીતિ અને દિલ્હીની રાજકીય સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી.મનીષ સિસોદિયા આજે (સોમવાર) પાર્ટીના ધારાસભ્યો અને મંગળવારે પાર્ટી કાઉન્સિલરો સાથે બેઠક કરશે. ૧૪ ઓગસ્ટ-ના રોજ તેઓ દિલ્હીના લોકોને મળવા માટે પદયાત્રા શરૂ કરશે. સંદીપ પાઠકે કહ્યું, ‘દેશની જનતાને એ સ્પષ્ટ થઈ ગયું છે કે ભાજપનો એક જ એજન્ડા છે - અમારું કામ અટકાવવું અને અમારી પાર્ટીને તોડવી. આટલા પ્રતિકૂળ સંજોગો છતાં AAP મજબૂત ઉભી છે અને સારું કામ કરી રહી છે. તેમણે કહ્યું કે AAP અન્ય રાજ્યોમાં પણ પ્રગતિ કરી રહી છે અને વધુ મજબૂત બની છે.આપને જણાવી દઈએ કે દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ખાસ સિસોદિયા એક્સાઈઝ પોલિસી કેસમાં ૧૭ મહિના જેલમાં વિતાવ્યા બાદ શુક્રવારે જામીન પર જેલમાંથી બહાર આવ્યા હતા.

## મણિપુરમાં હિંસા યથાવત

મણિપુરમાં રવિવારે ફરી હિંસાની ઘટના સામે આવી છે. બે ઘટનાઓમાં કુલ પાંચ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પ્રથમ એન્કાઉન્ટર અને બીજો વિસ્ફોટ થયો છે. મણિપુરના તેંગનોપલ જિલ્લામાં યુનાઈટેડ કુકી લિબરેશન ફ્રન્ટના આતંકવાદીઓ અને ગ્રામજનો વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો, જેમાં ચાર લોકોના મોત થયા હતા. મૃતકોમાં એક UKLF આતંકવાદી અને ત્રણ ગ્રામીણ સ્વયંસેવકો હોવાનું કહેવાય છે. તમામ મૃતકો એક જ સમુદાયના છે. ઘટના પછી, કુકી સમુદાયના સભ્યોએ વિરોધ કર્યો, તેમના સમુદાયના સભ્યોના મૃત્યુ પર ગુસ્સે થયા. કુકી સમુદાયના સમર્થકોએ યુકેએલએફ ના પ્રમુખ એસએસ હોકીપના ઘરને આગ ચાંપી હતી. જેના કારણે વિસ્તારમાં વધુ તણાવ સર્જાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી, જોકે પોલીસે જણાવ્યું હતું કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. રવિવારે પોલીસ અહેવાલ મુજબ, મણિપુરના કાંગપોકપી જિલ્લામાં સૈકુલના ભૂતપૂર્વ ધારાસભ્ય યામથોંગ હાઓકિપની પત્ની ચારુબાલા હાઓકીપનું તેમના નિવાસસ્થાને બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ થયું હતું. ચારુબાલા હાઓકીપ (૫૯), મેઈતેઈ સમુદાયના સભ્ય, કુકી-ઝોમીના પ્રભુત્વ ધરાવતા કાંગપોકપી જિલ્લામાં એકાઉ મુલામમાં રહેતા હતા. તેમના પતિ, યુમથોંગ હાઓકિપ, ૨૦૧૨ અને ૨૦૧૭ માં કોંગ્રેસ પક્ષમાંથી સૈકુલ બેઠક પરથી ચૂંટાયા હતા અને પછીથી ૨૦૨૨ વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા. કાંગપોકપી જિલ્લાના એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના શનિવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ બની હતી, પરંતુ તેની જાણ બીજા રવિવારે સવારે થઈ હતી. તેણે ખુલાસો કર્યો કે IED ઘરના કચરાપેટીમાં છુપાયેલું હતું.

## અનંતનાગમાં ત્રીજા દિવસે પણ સર્ચ ઓપરેશન ચાલુ

શ્રીનગર,તા.૧૨

જમ્મુ-કાશ્મીરના અનંતનાગના કોકર નાગમાં ત્રીજા દિવસે પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. શનિવારે સુરક્ષા દળોને અનંતનાગમાં આતંકવાદીઓ છુપઠ્ઠાયા હોવાની માહિતી મળી હતી. સેના અને આતંકવાદીઓ વચ્ચે થયેલા ફાયરિંગમાં હવાલદાર દીપક કુમાર યાદવ અને લાન્સ નાયક પ્રવીણ શર્મા શહીદ થયા હતા. ફાયરિંગમાં બે નાગરિકો પણ ઘાયલ થયા હતા, જેમાંથી એકનું રવિવારે હોસ્પિટલમાં મોત થયું હતું. રવિવારે સાંજે ઉધમપુરમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થયું હતું. ઉધમપુરમાં ૩-૪ આતંકવાદીઓની હલચાલ જોવા મળી હતી. સેનાના જણાવ્યા અનુસાર, આ આતંકવાદીઓ ૬ ઓગસ્ટના રોજ ભાગી ગયા હતા, પરંતુ ફરી એકવાર તેઓ જાળમાં ઘેરાઈ ગયા છે. કિશ્તવાડ જિલ્લામાં પણ રવિવારે સવારે જંગલમાં આતંકવાદીઓની છુપાયા હોવાની માહિતી મળી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન થોડો સમય બંને તરફથી ફાયરિંગ થયું હતું.સેના, અર્ધલશ્કરી દળો અને પોલીસ નૌનટ્ટા, નાગેની પાયસ અને આસપાસના વિસ્તારોમાં ઓપરેશન ચલાવી રહી છે. વિસ્તારમાં વધુ સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે. આતંકવાદીઓની શોધ ચાલુ છે.

## ઉત્તર ભારતમાં આકાશી આફત, ૨૧નાં મોત; પહાડોમાં ભૂસ્ખલન !

**જમ્મુમાં પ્રશાસને હવામાનને જોતા અમરનાથ યાત્રા સ્થગિત કરી દીધી અલગ-અલગ રાજ્યોમાં અકસ્માતમાં ૨૧ લોકોના મોત થયા હતા અનેક સ્થળે પુર જેવી સ્થિતી હિમાચલમાં પૂરમાં ૪ બાળકો તણાઈ ગયા**

નવીદિલ્હી,તા.૧૨

ઉત્તર ભારતમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે મુશ્કેલી યથાવત છે. છે.ભારે વરસાદને કારણે અલગ-અલગ રાજ્યોમાં અકસ્માતમાં ૨૧ લોકોના મોત થયા છે. રાજસ્થાન માં સૌથી વધુ ૧૪ લોકોના મોત થયા છે, જેમાંથી સાત લોકોના મોત બાણગંગા નદીમાં નહાતી વખતે ડૂબી જવાથી થયા છે. બિહારમાં વરસાદના કારણે સર્જાયેલા અકસ્માતોમાં પાંચ લોકોના મોત થયા છે. જ્યારે પહાડોમાં ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ છે, તો મેદાની વિસ્તારો માં પાણી ભરાઈ જવાને કારણે અને વહેતી નદીઓના કારણે સમસ્યા સર્જાઈ છે. જમ્મુમાં પ્રશાસને હવામાનને જોતા અમરનાથ યાત્રા સ્થગિત કરી દીધી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી કેટલાક દિવસો સુધી આવું જ હવામાન ચાલુ રહી શકે છે. પર્વતીય રાજ્યોમાં આને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.રાજસ્થાનમાં શનિવારથી પડી



રહેલા ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં સ્થિતિ વણસવા લાગી છે. તે જ સમયે, ભરતપુરમાં બાણગંગા નદીમાં નહાતી વખતે ડૂબી ગયેલા સાત યુવકો સહિત વરસાદના કારણે સર્જાયેલા અકસ્માતોમાં ૧૪ લોકોના મોત થયા હતા. તેમાંથી ત્રણ પિતરાઈ ભાઈઓ હતા. વરસાદના કારણે અનેક રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. વાહનોની અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે.રાજ્યના મુખ્ય સચિવ સુધાંશ પંતે જિલ્લા કલેક્ટર ને રાહત અને બચાવ કામગીરી પર નજર રાખવા સૂચના આપી છે. પૂરની સ્થિતિને જોતા સોમવારે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. સવાઈ માધોપુર જિલ્લામાં ઘણી નાની-મોટી નદીઓ વહેતી થઈ છે. ૨૦ ગામો જિલ્લા મુખ્યાલયથી કપાઈ ગયા છે. હિમાચલના શિમલામાં વાદળ ફાટવાને કારણે ૮૦૦ સફરજનના છોડ ધોવાઈ ગયા હતા જ્યારે વેરહાઉસમાં રાખવામાં આવેલા સફરજનના ૨૦૦ બોક્સ પણ પાણીમાં વહી ગયા હતા.આ ઉપરાંત કાંગડા જિલ્લાના રાનીતાલ પાસે નિર્માણાધીન મતૌર-શિમલા ચાર માર્ગીયનો લગભગ ૧૦૦ મીટરનો હિસ્સો ખાડો પડી ગયો છે. નીચે પઠાણકોટ-જોગેન્દ્રનગર રેલ્વે લાઈન પર ચાર માર્ગીય કાટમાળ પડતાં રેલ્વે લાઈનને પણ નુકસાન થયું છે.મંડીના નવ માઈલમાં કિરાત પુર-મનાલી ચાર લેન અને સિરમૌર માં પાઓંટા સાહિબ-શિલાઈ- ગુમ્મા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ભૂસ્ખલનને કારણે બંધ રહ્યો હતો.રાજ્યમાં ૧૩૭ રસ્તાઓ બ્લોક છે. બાથુમાં બે બાળકો ધોવાઈ ગયા હતા, જેમાં એક બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો જ્યારે અન્યની શોધખોળ ચાલુ છે.ઉત્તરાખંડમાં, કેદારનાથ પદયાત્રા ના માર્ગ પર ભીમ્બલી નજીક માર્ગની બીજી બાજુ એક વિશાળ ભૂસ્ખલનને કારણે મંદાકિની નદી પર એક તળાવ બન્યું છે. વહીવટીતંત્રે ગૌરીકુંડથી રુદ્રપ્રયાગ સુધીના લોકોને એલર્ટ જાહેર કર્યું છે.ચમોલીમાં રાત્રે વાદળ ફાટવાને કારણે બે રહેણાંક મકાનો અને એક ગાયના શેડને નુકસાન થયું હતું. ટિહરીના અંતવાલ ગામની ઉપર લગભગ ૪૦ મીટર લાંબી તિરાડ પડી છે.રાજ્યની મોટાભાગની નદીઓ ખતરાના નિશાનની આસપાસ વહી રહી છે.હિમાચલના સિરમૌરમાં વાદળ ફાટવાથી અને પહાડોમાંથી આવતા વરસાદના પાણીને કારણે હરિયાણાના અનેક ગામોમાં પાણી ઘૂસી ગયા હતા. ખેતરો પણ ડૂબી ગયા હતા. આ સાથે જ એક ખેડૂતનું પણ મોત થયું છે. પોલીસે બચાવ કામગીરી શરૂ કરી છે. વહીવટીતંત્રની મદદ ન મળવાને કારણે લોકોમાં રોષ છે. પંજાબમાં પણ, થોડા કલાકોમાં, નવ જિલ્લાઓ વરસાદના પાણીથી ડૂબી ગયા હતા.જયપુર, કરૌલી, સવાઈ માધોપુર અને દૌસામાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે જિલ્લા વહીવટીતંત્રે સોમવારે જયપુર, જયપુર ગ્રામીણ, દૌસા, કરૌલી, સવાઈ માધોપુર, ગંગાપુર અને ભરતપુરમાં શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરી હતી. હવામાન વિભાગે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં આગામી ૨૪ કલાકમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

## શંભુ બોર્ડર પર અડગ ખેડૂતોને સુપ્રીમકોર્ટનું ફરમાન

નવી દિલ્હી, તા.૧૨

સુપ્રીમ કોર્ટે પંજાબ અને હરિયાણાને જોડતી શંભુ બોર્ડરને આંશિક રીતે ખોલવાનો આદેશ આપ્યો છે. સોમવારે આ કેસની સુનાવણી કરતી વખતે કોર્ટે કહ્યું કે, પંજાબ અને હરિયાણાને જોડતી શંભુ બોર્ડર મહિલાઓ અને બાળકો માટે ખોલવી જોઈએ.

આ ઉપરાંત એમ્બ્યુલન્સ, આવશ્યક સેવાઓ અને સ્થાનિક મુસાફરોની અવરજવર માટે શંભુ બોર્ડર પર રસ્તો આંશિક રીતે ખોલવાની જરૂર છે. કોર્ટે પંજાબ સરકારને ખેડૂતો સાથે વાત કરવા અને તેમને શંભુ બોર્ડર પરથી ટ્રેક્ટર હટાવવા માટે સમજાવવા પણ કહ્યું છે.છેલ્લા કેટલાક મહિનાઓથી શંભુ બોર્ડર પર ટ્રેક્ટર સાથે વિરોધ કરી રહેલા ખેડૂતો પર તીખી ટીપ્પણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હાઈવે વાહનો પાર્ક કરવા માટે નથી. બેચે પંજાબ સરકારને શંભુ બોર્ડર પર હાઈવેના રસ્તા પરથી ટ્રેક્ટર હટાવવા માટે વિરોધ કરી રહેલા ખેડૂતોને સમજાવવા જણાવ્યું છે.

કોર્ટે પંજાબ, હરિયાણાના પોલીસ મહાનિર્દેશકોને શંભુ બોર્ડર પરના રસ્તાઓ આંશિક રીતે ફરીથી ખોલવા માટે એક સપ્તાહમાં પડોશી જિલ્લાઓના પોલીસ અધિક્ષકો સાથે બેઠક યોજીને સોલ્યુશન લાવવા આદેશ આપ્યો છે.

આ દરમિયાન, બેચે શંભુ બોર્ડર પર વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે વાત કરવા માટે પ્રસ્તાવિત સમિતિ માટે બિન-રાજકીય નામ સૂચવવા બદલ પંજાબ અને હરિયાણા સરકારની પ્રશંસા પણ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે શંભુ બોર્ડર પર વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે વાત કરવા માટે રચવામાં આવનાર સમિતિની શરતો પર આગામી સમયમાં સંક્ષિપ્ત આદેશ આપશે.

## યુદ્ધના અણસાર : ઇઝરાયલ-ઈરાન વચ્ચે ગમે તે થઇ શકે !

**ઈરાને હમાસના વડાની હત્યા માટે ઈઝરાયલને જવાબદાર ઠેરવ્યું હતુ અને બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે તે વચ્ચે હવે યુધ્ધ માટે તમામ મોરચા સજ્જ થઈ છે. અમેરીકાએ પણ ધાતક હથિયારો તૈનાત કર્યા યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે ઈરાનના ઉપરાષ્ટ્રપતિએ રાજીનામું આપ્યું**

ઈરાન, તા.૧૨

ઈઝરાયેલ એ હમાસ નેતાની કરેલી હત્યા પછી ઈરાને પણ તેનો બદલા લેવા માટે કટ્ટીબંધ છે તે વચ્ચે તે વચ્ચે હિઝબુલ્લાહના આતંકવાદીઓએ લેબેનોનથી રવિવારે રાત્રે લગભગ ૩૦ રોકેટ ઉત્તર ઈઝરાયલ પર છોડ્યાં હતાં,ઈઝરાયલી આર્મી એ સોમવારે જણાવ્યું હતુ કે રોકેટ ખુલ્લા વિસ્તારોમાં જેને કારણે કોઈનું મૃત્યુ થયું નથી. જો કે મધ્ય-પૂર્વમાં ચાલી રહેલો તણાવ વધ્યો છે તેને કારણે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ગમે તે થઇ શકે અમેરીકા પણ સજ્જ બન્યુ છે. અમેરિકાએ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધની વધતી જતી આશંકા ને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે અને મિસાઈલોથી સજ્જ સબમરીન અને ફાઈટર જેટથી સજ્જ એરક્રાફ્ટ કેરિયર્સ મધ્ય પૂર્વમાં મોકલ્યા છે. આ પહેલા અમેરિકાએ મધ્ય પૂર્વમાં ૧૨ નવા યુદ્ધ જહાજ તહેનાત કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે ફોન પર વાતચીત દરમિયાન ઈઝરાયલનો બચાવ કરવાનું વચન આપ્યું હતું.અમેરિકી રક્ષા મંત્રીએ કહ્યું કે, અમેરિકા ઈઝરાયલના સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છે.રોકેટ લેબેનોનના વિસ્તારમાંથી ઉત્તરી ઈઝરાયલના કાબારી વિસ્તારમાં પ્રવેશ્યાં હતાં. હુમલાના જવાબમાં ઈઝરાયલની સેના લેબેનોનના એવા વિસ્તારો પર હુમલો કરી રહી છે, જ્યાંથી રોકેટ છોડવામાં આવ્યાં હતાં. આ તરફ યુક્રેન-રશિયા વચ્ચે પણ યુધ્ધ વધુ ઉગ્ર બન્યુ છે ત્યા વધુ એક મોરચો યુધ્ધને ખુલ્લે તેવી પુરી શક્યતા છે. હિઝબુલ્લાહના આતંકવાદીઓ સાથે ઈરાન પણ હવે મોચરો ખોલે તેવી પુરી શક્યતા છે. લેબનીઝ વિસ્તારમાંથી ઉત્તરી ઈઝરાયલના કબારી વિસ્તારમાં રૉકેટ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાના જવાબમાં ઈઝરાયેલની સેના લેબનોનના એ વિસ્તારો પર હુમલો કરી રહી છે જ્યાંથી રૉકેટ છોડવામાં આવ્યા હતા. ઈઝરાયેલના સૈન્ય મથકને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધના વધતા જતા ખતરા વચ્ચે ચીને ઈરાનનું સમર્થન કર્યું છે. રવિવારે ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ઈરાનના કાર્યવાહક વિદેશ મંત્રી અલી બઘેરી કાની સાથે ફોન પર વાત કરી હતી. વાતચીત દરમિયાન વાંગ યીએ કહ્યું કે, ચીન તેની સાર્વભૌમત્વની સુરક્ષામાં ઈરાનનું સમર્થન કરે છે.

### ઈરાનના ઉપરાષ્ટ્રપતિનુ રાજીનામું

ઈઝરાયેલ સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ઈરાનના ઉપરાષ્ટ્રપતિ જાવદ ઝરીફે પદ સંભાળ્યાના થોડા દિવસો બાદ જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.જાવેદ ઝરીફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું કે,"મેં ગયા અઠવાડિયે અમુક કારણોસર વાઈસ પ્રેસિડન્ટના પદ પરથી રાજીનામું આપી દીધુ છે," ઈરાનમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં સુધારાવાદી પ્રમુખ મસૂદ પેજેશકિયને જીત મેળવી હતી. પેજેશકિયને માત્ર બે અઠવાડિયા માટે જરીફને ઉપરાષ્ટ્રપતિની જવાબદારી સોંપી હતી. નવા કેબિનેટ સભ્યોની નિમણૂકથી નાખુશ તેમણે કહ્યું કે,"મને શરમ આવી રહી છે કે, ઉમેદવારોની પસંદગી માટે જવાબદાર સમિતિના અભિપ્રાયનો અમલ કરી શક્યો નથી જાવેદ ઝરીફે વિશ્વના શક્તિશાળી દેશો સાથે ૨૦૧૫ના ઐતિહાસિક પરમાણુ કરાર પર વાતચીત કરી હતી.

## બાંગ્લાદેશના ગૃહમંત્રીએ હિન્દુ સમુદાય પાસે માફી માંગી

ઢાકા, તા.૧૨

બાંગ્લાદેશના નવા હોમ એડવાઈઝર (ગૃહમંત્રી) સખાવત હુસૈને રવિવારે પૂરતી સુરક્ષા ન કરી શકવા બદલ હિન્દુ સમુદાયની માફી માંગી. મીડિયા રિપોર્ટ્સ મુજબ તેમણે કહ્યું કે હિન્દુ અલ્પસંખ્યકોની સુરક્ષા કરવી એ મુસ્લિમ બહુસંખ્યકોની ફરજ છે. આ જવાબદારીમાં નિષ્ફળતાનો તેમણે સ્વીકાર કર્યો. તેમણે સમુદાયને ભવિષ્યમાં સુરક્ષાનું આશ્વાસન આપ્યું અને સુધારની આશા વ્યક્ત કરી.

આ ઉપરાંત વચગાળાની કેબિનેટે ગુરુવારે રાતે પોતાના સભ્યોના શપથ ગ્રહણ બાદ રવિવારે અલ્પસંખ્યકો વિરુદ્ધ હિંસા પર પહેલું નિવેદન આપ્યું. નિવેદનમાં કહ્યું કે કેટલાક સ્થળો પર ધાર્મિક અલ્પસંખ્યકો પર હુમલાને ગંભીર ચિંતા સાથે જોવામાં આવ્યા છે. કેબિનેટે કહ્યું કે તે આ પ્રકારના જઘન્ય હુમલાઓનો ઉકેલ લાવવા માટે પ્રતિનિધિ યુનિટ્સ અને અન્ય સંબંધિત સમૂહો સાથે તરત બેઠક યોજશે. બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં ગૃહ મામલાઓના સલાહકાર બ્રિગેડિયર જનરલ (સેવાનિવૃત્ત) સખાવત હુસૈને સોમવારે કહ્યું કે હિન્દુ સમુદાયના આગામી જન્માષ્ટમી સમારોહ દરમિયાન તમામ જરૂરી સુરક્ષા આપવામાં આવશે. ધ ડેઈલી સ્ટાર મુજબ તેમણે એમ પણ કહ્યું કે તેઓ સલાહકાર પરિષદથી બાંગ્લાદેશમાં સમુદાયના સૌથી મોટા ઉત્સવ દૂર્ગા પૂજા માટે ત્રણ દિવસની જાહેર રજાની પણ ભલામણ કરશે. ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ આ વખતે ૨૬ ઓગસ્ટે ઉજવાશે. આ સાથે જ હુસૈને સોમવારે પ્રદર્શનકારીઓને ૧૯ ઓગસ્ટ સુધીમાં તમામ કાયદેસર કે ગેરકાયદેસર હથિયારો પણ જમા કરાવવાનું કહ્યું છે. જેમાં હાલમાં જ હિંસા દરમિયાન એજન્સીઓ પાસેથી લૂંટેલી રાઈફલો પણ સામેલ છે.

ધ ડેઈલી સ્ટાર અખબારના સમાચાર મુજબ હુસૈને કહ્યું છે કે જો આ હથિયાર પાસેના પોલીસ સ્ટેશનોમાં જમા ન કરાવ્યા તો અધિકારીઓ સર્ચ અભિયાન ચલાવશે.

# FILMY ગપશપ

### અમિતાભ બચ્ચને વાંધો વ્યક્ત કર્યો અને ડિરેક્ટરે સ્ક્રિપ્ટ સળગાવી દીધી

# અભિષેક 'ટેરરિસ્ટ'ના રોલથી ડેબ્યૂ કરવાનો હતો

## અભિષેકની પહેલી ફિલ્મ ફ્લોપ રહી હોવા છતાં તેણે ધીરે ધીરે ઈન્ડસ્ટ્રીમાં પોતાની જગ્યા બનાવી લીધી



મુંબઈ, તા.૧૨

અભિષેકની પહેલી ફિલ્મ ફ્લોપ રહી હોવા છતાં તેણે ધીરે ધીરે ઈન્ડસ્ટ્રીમાં પોતાની જગ્યા બનાવી લીધી. પરંતુ શું તમે જાણો છો કે અભિષેકનું ડેબ્યૂ 'ભાગ મિલ્ખા ભાગ' બનાવનાર ડાયરેક્ટર રાકેશ ઓમપ્રકાશ મહેરાની ફિલ્મમાં થવાનું હતું. જ્યારે અભિનેતા અભિષેક બચ્ચને ફિલ્મ 'રેફ્યુજી' (૨૦૦૦) થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો, ત્યારે ભારતીય ફિલ્મ ચાહકોની નજર તેમના પર ટકેલી હતી. છેવટે, તે અમિતાભ બચ્ચનનો પુત્ર હતો, જેને હિન્દી ફિલ્મોનો 'મહાન હીરો' કહેવામાં આવે છે.


અભિષેકની પહેલી ફિલ્મ ફ્લોપ રહી હોવા છતાં તેણે ધીરે ધીરે ઈન્ડસ્ટ્રીમાં પોતાની જગ્યા બનાવી લીધી. પરંતુ શું તમે જાણો છો કે અભિષેકનું ડેબ્યૂ 'ભાગ મિલ્ખા ભાગ' બનાવનાર ડાયરેક્ટર રાકેશ ઓમપ્રકાશ મહેરાની ફિલ્મમાં થવાનું હતું. હવે રાકેશે કહ્યું છે કે અભિષેક બચ્ચન તેની પહેલી ફિલ્મ 'સમજૌતા એક્સપ્રેસ'થી ડેબ્યૂ કરવા જઈ રહ્યો હતો. પરંતુ આ ફિલ્મ તેની શરૂઆતના થોડા મહિના પહેલા જ બંધ થઈ ગઈ હતી, જેણે તેનું દિલ તોડી નાખ્યું હતું. રાકેશે જણાવ્યું કે તે સમયે ઈન્ડસ્ટ્રીના લોકોને લાગ્યું કે આ ફિલ્મ ખૂબ જોખમી છે. શિવ તલવારની યુટ્યુબ ચેનલ પર આપેલા ઈન્ટરવ્યુમાં રાકેશ ઓમપ્રકાશ મહેરાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીને લાગ્યું કે તેણે 'સમજૌતા એક્સપ્રેસ'માં જે સ્ટોરી લખી છે તે 'આગ સાથે રમવા' જેવી છે. કારણ કે આ ફિલ્મમાં અભિષેક બચ્ચન પાકિસ્તાની આતંકવાદીનો રોલ કરવાનો હતો.

રાકેશે કહ્યું, "'સમજૌતા એક્સપ્રેસ' જે મેં કમલેશ પાંડે સાથે લખી હતી, તે મારી અને અભિષેક બચ્ચનની પહેલી ફિલ્મ બનવાની હતી. અમે એક વર્ષ સુધી તેના પર કામ કર્યું અને અભિષેક એક ડાયરી રાખતો જેમાં તે દરરોજ લખતો કે તેનું પાત્ર શું વિચારે છે. તે ખૂબ જ સારી રીતે ચાલી રહ્યું હતું, પરંતુ માર્કિટે કહ્યું તેમ, તે ખૂબ જ સંવેદનશીલ વિષય હતો. રાકેશે જણાવ્યું કે તેની ફિલ્મમાં અભિષેકના પાત્રનું હૃદય ભારત પ્રત્યે નફરતથી ભરેલું હતું કારણ કે વાર્તામાં તેના પિતા પર આતંકવાદનો ખોટો આરોપ લગાવવામાં આવ્યો હતો. અભિષેકનું પાત્ર તેના પિતાને જેલમાંથી છોડાવવા ભારતમાં પ્રવેશ કરે છે અને એક પોલીસ અધિકારી સાથે મિત્રતા કરે છે, જે આખરે તેને મારી નાખે છે. સમજૌતા એક્સપ્રેસમાંથી તેની લાશ મળી આવી છે. રાકેશે કહ્યું, 'જ્યાં સુધી અમારા બંને દેશો વચ્ચે નફરતની ઊંડી અંતર છે, અમે તેને અમારા બાળકોના મૃતદેહોથી ભરીશું. પરંતુ અમે તેને ક્યારેય પુલ કરી શકીશું નહીં. પ્રેમ દ્વારા જ સેતુ બાંધી શકાય છે. તેણે વધુમાં કહ્યું કે તેની ફિલ્મના શૂટિંગના માત્ર ૩ મહિના પહેલા જ રોકી દેવામાં આવી હતી.

ગુસ્સામાં, તેણે ફિલ્મ માટે તમામ સ્ક્રિપ્ટ સામગ્રી એકત્રિત કરી, કલાકારોના લુક ટેસ્ટ લીધા અને તેમને આગ લગાવી દીધી. થોડા સમય પહેલા અભિષેક બચ્ચને પણ ગલાટ્ટા પ્લસને આપેલા ઈન્ટરવ્યુમાં આ ફિલ્મનો ઉલ્લેખ કર્યો હતો. અભિષેકે કહ્યું હતું કે કોઈ ડાયરેક્ટર તેને લૉન્ચ કરવા તૈયાર નથી અને બધા કહેતા હતા કે 'તને લૉન્ચ કરવાની જવાબદારી અમે લઈ શકીએ નહીં.' આવી સ્થિતિમાં રાકેશે આ સ્ક્રિપ્ટ લખી છે. અભિષેકે કહ્યું હતું કે, 'જ્યારે સ્ક્રિપ્ટ તૈયાર હતી, અમે તેને પિચ કરવા માટે પિતા પાસે લઈ ગયા... અમે આખી સ્ક્રિપ્ટ સંભળાવી અને પછી મૌન છવાઈ ગયું. મારા પિતાએ અમારી તરફ જોયું અને કહ્યું, 'બાળકો, આ બકવાસ સ્ક્રિપ્ટ છે, બહાર નીકળો.' આખરે અભિષેકે જે.પી. તેણે દત્તાની 'રેફ્યુજી'થી ડેબ્યૂ કર્યું હતું અને રાકેશ સાથે 'દિલ્હી ૬'માં કામ કર્યું હતું.



મલાઈકા અરોરા તેના ગ્લેમરસ જિમ લૂકને લઈ સતત ચર્ચામાં રહે છે. જિમ લૂકમાં મલાઈકા અરોરા ખૂબ જ હોટ લાગે છે. મલાઈકાનો ગ્લેમરસ જિમ લૂક ફરી એક વખત વાયરલ થઈ રહ્યો છે. મલાઈકા અરોરાએ પાપારાઝીને અલગ અંદાજમાં શાનદાર પોઝ આપ્યા છે.



અંકિતા દવે તેની હોટ તસવીરો પોસ્ટ કરવાને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે. પોતાના ઈન્સ્ટાગ્રામ પર બોલ્ડ સાડી લૂકમાં શાનદાર તસવીરો શેર કરી છે.આ તસવીરોમાં અંકિતા દવે શાનદાર સાડી લૂકમાં જોવા મળી રહી છે. બ્લેક બ્લાઉઝ સાથે ખૂબ જ બોલ્ડ પોઝ આપ્યા છે.

## ફિલ્મ નિર્માતા ડેવિડ ધવને OTT કલાકારોને પડકાર આપ્યો




મુંબઈ, તા.૧૨

ડેવિડ ધવન OTTને માત્ર એક અન્ય માધ્યમ માને છે, તેમના માટે તેમનો પહેલો પ્રેમ હજુ પણ થિયેટર છે. તેથી જ તે OTT કલાકારોને પડકારતો જોવા મળ્યો હતો. ડેવિડે કહ્યું છે કે વાસ્તવિક સ્થિતિ ફક્ત થિયેટરમાં જ જોવા મળે છે. ફિલ્મ મેકર ડેવિડ ધવનના નામે બોલિવૂડની ઘણી હિટ ફિલ્મો છે. કોમેડી સાથે રોમાંસનો સ્પર્શ ઉમેરીને તેણે ફિલ્મોને એક નવા પરિમાણ પર લઈ ગઈ છે. પરંતુ હવે ડેવિડ ખૂબ જ પસંદીદા બની ગયો છે, તે માત્ર પસંદગીની ફિલ્મો જ બનાવે છે. હવે ઓટીટીનો યુગ છે, પરંતુ ડેવિડ તેનાથી બિલકુલ પ્રભાવિત નથી. તે OTT ને માત્ર એક અન્ય માધ્યમ માને છે, તેમના માટે તેમનો પ્રથમ પ્રેમ હજુ પણ થિયેટર છે. તેથી જ તે OTT કલાકારોને પડકારતો જોવા મળ્યો હતો. ડેવિડે કહ્યું છે કે વાસ્તવિક સ્થિતિ ફક્ત થિયેટરમાં જ જોવા મળે છે. ફિલ્મ નિર્માતા ડેવિડ ધવને તેના તાજેતરના એક ઈન્ટરવ્યુમાં OTT કલાકારોને પડકાર પણ આપ્યો હતો. તે સાચે જ માને છે કે થિયેટરોમાં ફિલ્મો જોવાનો જાદુ ખતમ થયો નથી. ડેવિડના જણાવ્યા અનુસાર, OTT એ ફિલ્મ નિર્માતાઓ માટે એક સુરક્ષિત પ્લેટફોર્મ છે, જે તેમને મીડિયા પરીક્ષણ અને બોક્સ ઓફિસ પરિણામોના દબાણને ટાળવા દે છે, પરંતુ થિયેટરના અનુભવની સરખામણીમાં તે ક્યાંય પણ ઊભું નથી. ડેવિડે અરબાઝ ખાન સાથે વાત કરતા કહ્યું - થિયેટરમાં આવો અને તમારું સ્ટેટસ બતાવો. તે થિયેટર ફિલ્મો કરી શકશે નહીં. પણ અંતે તમારા વખાણ એ જ છે જે થિયેટરમાં આવે છે. તેમણે એમ કહીને પોતાની વાત સાબિત કરી કે જ્યારે કોઈ મહત્વપૂર્ણ સીન દરમિયાન તાળીઓના ગડગડાટ થાય છે, ત્યારે જીવંત દર્શકોની પ્રતિક્રિયાથી મોટું કંઈ નથી.

# ડિરેક્ટરે મીનાક્ષી શેષાદ્રીને દામિનીના સેટ પર પ્રપોઝ કર્યું

મુંબઈ, તા.૧૨

તાજેતરમાં મીનાશી શેષાદ્રીએ એક ઈન્ટરવ્યુમાં પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વિશે ખુલીને વાત કરી હતી. તેને પૂછવામાં આવ્યું- શું એ સાચું છે કે રાજકુમાર સંતોષીએ તને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું? જવાબમાં અભિનેત્રીએ હા પાડી. તે સમયે તેણે વિચાર્યું કે તે મારી સાથે ફિલ્મ કરી શકશે નહીં. મીનાક્ષી શેષાદ્રી બોલિવૂડની જાણીતી અભિનેત્રીઓમાંની એક છે. તે જેટલી સારી અભિનેત્રી છે એટલી જ સારી ડાન્સર પણ છે. વર્ષો પછી અભિનેત્રીએ ફિલ્મ 'દામિની' દરમિયાન થયેલા વિવાદ વિશે વાત કરી છે. મીનાક્ષીએ એ પણ જણાવ્યું કે જ્યારે તેણે ફિલ્મ નિર્દેશક રાજકુમાર સંતોષીના લગ્નના પ્રસ્તાવને નકારી કાઢ્યો ત્યારે શું થયું. તાજેતરમાં મીનાશી શેષાદ્રીએ એક ઈન્ટરવ્યુમાં પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વિશે ખુલીને વાત કરી હતી. તેને પૂછવામાં આવ્યું- શું એ સાચું છે કે રાજકુમાર સંતોષીએ તને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું? લેહરેન રેટ્રોને આપેલા ઈન્ટરવ્યુમાં અભિનેત્રીએ કહ્યું - હા, એ વાત સાચી છે કે તેણે મારી સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ આખો વિવાદ દામિનીના સેટ પર શરૂ થયો હતો. તેને લાગ્યું કે તે મારી સાથે ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરી શકશે નહીં. તેઓએ બીજી હિરોઈનની શોધ



પણ શરૂ કરી દીધી હતી, પરંતુ પછી કોઈક રીતે મેં આ બાબતનો હવાલો સંભાળ્યો. પ્રોડ્યુસર કાઉન્સિલ, આર્ટિસ્ટ કાઉન્સિલ બધાએ મળીને વસ્તુઓને ઠીક કરવા માટે કામ કર્યું. તે દિવસે અમે શપથ લીધા કે અમે ફરી ક્યારેય તેની ચર્ચા કરીશું નહીં. 'જે કંઈ થયું તે માત્ર ભૂતકાળ છે. અમે માત્ર એક સારી ફિલ્મ બનાવવા માગતા હતા. આ માટે અમે સખત મહેનત પણ કરતા હતા. વસ્તુઓ પણ અમારી તરફેણમાં હતી. દિગ્દર્શક તરીકે રાજકુમાર સંતોષીએ બધું ભૂલીને સારી ફિલ્મ બનાવી. આ માટે તેમને સલામ. મીનાશીને પૂછવામાં આવ્યું કે શું તે હવે રાજકુમાર સંતોષી સાથે ફિલ્મ કરવા તૈયાર છે? તેના પર તેણે કહ્યું- હા, અલબત્ત હું તેના વિશે વિચારીશ. જો તે મને સારો રોલ ઓફર કરે. તેણે વધુમાં કહ્યું કે, 'તમામ વિવાદો હોવા છતાં, અમે દામિનીના શૂટિંગ દરમિયાન એકબીજા સાથે અજુગતું અનુભવ્યું ન હતું, તેથી મને નથી લાગતું કે અમને આજે સાથે કામ કરવામાં કોઈ સમસ્યા હશે.' રાજકુમાર સંતોષીએ મીનાક્ષી સાથે પહેલી ફિલ્મ 'ઘાયલ' બનાવી હતી. પછી તેણે 'દામિની' જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપી. તમામ વિવાદો બાદ રાજકુમાર હિરાણીએ મીનાશી શેષાદ્રીને ફિલ્મ 'ઘાતક' માટે લીડ એક્ટ્રેસ તરીકે સાઈન કરી હતી. હિન્દી સિનેમામાં પોતાના અભિનયથી લોકોના દિલ જીતનાર મીનાશીએ ૧૯૯૫માં હરીશ મૈસૂર સાથે લગ્ન કરીને જીવનની નવી સફર શરૂ કરી હતી.

### લોકપ્રિય એક્ટર પવન કલ્યાણે કહ્યું

# ૪૦ વર્ષ પહેલાંના હીરો જંગલ બચાવતા હતા, હવે હીરો જંગલ કાપે છે

મુંબઈ, તા.૧૨

આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી અને લોકપ્રિય એક્ટર પવન કલ્યાણે સાઉથની ઈન્ડસ્ટ્રીમાં સ્મગલરને હીરો તરીકે ચીતરવાની પદ્ધતિને ખોટી ગણાવી છે. સાઉથની ફિલ્મોમાં છેલ્લા ૪૦ વર્ષ દરમિયાન હીરોની પરિભાષામાં ખૂબ બદલાવ આવ્યા હોવાનું પવનને લાગે છે. પવન કલ્યાણે જણાવ્યું હતું કે, ૪૦ વર્ષ પહેલાના હીરો વન-જંગલની રક્ષા કરતા હતા. અત્યારના હીરો જાતે જ જંગલો કાપે છે અને સ્મગલર બને છે.



હાલના સિનેમાનો હું પણ ભાગ છું અને આવી ફિલ્મો કરવાનું આકરું પડે છે. કારણ કે આવી ફિલ્મોનો અર્થ સરતો નથી. રીલ લાઈફમાં જે કરી શક્યો નહીં, તે હવે રીયલ લાઈફમાં કરવાની ઈચ્છા છે. તેથી જ પોલિટિક્સમાં આવ્યો છે. પવન કલ્યાણનો ઈશારો અલ્લુ અર્જુન તરફ હોવાનું ઘણાં લોકો માની રહ્યા છે. કારણ કે, અલ્લુએ પુષ્પ ામાં ચંદનચોરનો રોલ કર્યો છે.

આ રોલના કારણે જ અલ્લુને પાન ઈન્ડિયા સ્ટારનું ટાઈટલ મળ્યું છે. અલ્લુની ફિલ્મ રિલીઝ થતાં પહેલાં પવન કલ્યાણે આ પ્રકારની ટિપ્પણી કરતાં આશ્ચર્ય ફેલાયું છે. અલ્લુ અને પવન કલ્યાણ વચ્ચે ખટરાગ ચાલી રહ્યો હોવાની અટકળોને પણ આ ટિપ્પણી બાદ સમર્થન મળ્યું છે.

## રિતિક-સલમાન જેવી બોડી બનાવવા સ્ટેરોઈડ્સ લેતો ઈમરાન

મુંબઈ, તા.૧૨

આમિર ખાનના ભાણિયા તરીકે ફિલ્મોમાં એન્ટ્રી લીધા પછી ઈમરાન ખાનની કરિયર સડસડાટ ચાલી હતી. નવી પેઢીના એક્ટર તરીકે નામ જામી રહ્યું હતું તેવા સમયે જ ઈમરાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી વિદાય લેવાનું નક્કી કર્યું. ઈમરાને હવે કમબેકની તૈયારી કરી છે ત્યારે તે ભૂતકાળમાં પોતાની દરેક પસંદગી અંગે તટસ્થ એનાલિસીસ કરી રહ્યો છે. ઈમરાને જણાવયું હતું કે, તેને બોડી બિલ્ડિંગનો ખૂબ શોખ હતો. રિતિક અને સલમાનની જેમ સુપર હીરો બોડી બનાવવા માટ સ્ટેરોઈડ્સ પણ લીધા હતા. એક યુ ટ્યૂબ શોમાં ઈમરાને કહ્યું હતું કે, છેલ્લા વીસેક વર્ષમાં એક્ટ્રેસની જેમ એક્ટર્સ પર પણ ફિટ દેખાવાનું દબાણ રહે છે. ખાસ કરીને સુપરહીરો જોનરનો ઉદભવ થયો, જેની શરૂઆત રિતિકે કરી હતી. તે સમયથી ટ્રેન્ડ શરૂ થયો. ૯૦ના દસકામાં સલમાન ખાન અને સંજય દત્ત જેવા એક્ટર્સ બોડી બિલ્ડર જેવા લાગતા હતા. આ બધા એક્ટર્સને જોયાં પછી મને પણ તેમના જેવી બોડી બનાવવાની ઈચ્છા થઈ. રિતિક અને સલમાને ખૂબ મહેનત કરીને પોતાના શરીરને કસ્યુ હતું, પરંતુ ઈમરાને સપ્લિમેન્ટ્સ લીધા હતા. અકુદરતી રીતે બનાવેલી બોડીને લાંબો સમય સુધી ટકાવી શકાતી નથી.

# SPORTS કોર્નર

# વિનેશ ફોગાટની અપીલ પર આર્બિટ્રેશન કોર્ટ ૧૩ ઓગસ્ટે ચુકાદો આપશે

નવીદિલ્હી,તા.૧૨

કુસ્તીબાજ વિનેશ ફોગાટની અપીલ પર કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટના નિર્ણય પર સસ્પેન્સ ચાલુ છે. વિનેશે વધુ વજનના કારણે મહિલાઓની ૫૦ કિગ્રા ઈવેન્ટમાંથી અયોગ્ય જાહેર થયા બાદ અપીલ દાખલ કરી હતી.વિનેશે સંયુક્ત-સિલ્વર એનાયત કરવા અપીલ કરી હતી. ૧૩ ઓગસ્ટના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યા પહેલા ચુકાદો આપવામાં આવશે અને આ કેસની તમામ કાર્યવાહી સમાપ્ત થઈ ગઈ છે. દરમિયાન, યુએસએની મહિલા બાસ્કેટબોલ ટીમે તંગ ફાઈનલમાં ફ્રાંસને ૬૭-૬૬થી હરાવીને સતત આઠમો ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સમર ગેમ્સની આખરી ઈવેન્ટ હોવાથી, યુએસએ મેડલ ટેલીમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું, જોકે તેણે ચીન સાથે ૪૦ ગોલ્ડ જીત્યા હતા. સમર ઓલિમ્પિક્સની ૩૩મી આવૃત્તિ પેરિસમાં સ્ટેડ ડી ફ્રાન્સમાં ભવ્ય સમાપન સમારોહ સાથે સમાપ્ત થશે.

ખાપ્સ વિનેશ માટે ન્યાય માંગે છે, તેના માટે ભારત રત્નની માંગણી કરે છે. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૫૦કિગ્રા મહિલા ફ્રીસ્ટાઈલ રેસલિંગ કેટેગરીમાં



અયોગ્ય જાહેર થયાના દિવસો પછી, હરિયાણામાં ખાપ્સ રવિવારે કુસ્તીબાજ વિનેશ ફોગાટના સમર્થનમાં બહાર આવ્યા હતા.

હરિયાણાના ચરખી દાદરી ખાતેની 'સર્વ ખાપ મહાપંચાયત'માં ખાપ્સે પીપળા માટે ન્યાય અને તેના માટે ભારત રત્ન માંગ્યો હતો. ખાપ્સે ફોગાટ ને કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણયની સમીક્ષા કરવા માટે પણ અપીલ કરી હતી. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૫૦કિગ્રા મહિલા ફ્રીસ્ટાઈલ કુસ્તી કેટેગરીમાં વિનેશ ફોગાટની ગેરલાયકાત વચ્ચે, કેટલાક ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતાઓએ વજન ઘટાડવાની પ્રેક્ટિસ, ખાસ કરીને મહિલા કુસ્તી સાથે સંબંધિત અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું છે.

ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અમિત એલોર આવા જ એક કુસ્તીબાજ છે જેમણે એથ્લેટ્સ પર વજન ઘટાડવાની બિનજરૂરી શારીરિક અને માનસિક અસરને પ્રકાશિત કરી હતી. તેના મત મુજબ વજન ઘટાડવાને પ્રોત્સાહન અથવા પ્રોત્સાહિત કરવું જોઈએ નહીં, ઉમેરવાથી તે રમતવીરના પ્રદર્શન પર નકારાત્મક અસર કરી શકે છે. યુએસએ ટુડે સ્પોર્ટ્સ સાથે વાત કરતા, તેણે કહ્યું, "તે એવી વસ્તુ છે કે ઘણી વખત, જો તમે ખોટા સમયે ખોટી જગ્યાએ હોવ, તો તે ખરેખર પ્રમોટ થઈ શકે છે અને તે ખૂબ જ બિનજરૂરી છે.

## બેન સ્ટૉક્સને ભયંકર ઈજા, બેટિંગ કરતી વખતે પગ જકડાયા

લંડન, તા.૧૨

બેન સ્ટૉક્સ આ દિવસોમાં ધ હન્ડ્રેડ ટૂર્નામેન્ટમાં નૉર્ધન સુપરચાર્જર્સ તરફથી રમી રહ્યો છે, જ્યાં તેને ગંભીર ઈજા થઈ હતી. સ્ટૉક્સની ઈજા એટલી ગંભીર હતી કે તેણે બેટિંગમાંથી સંન્યાસ લઈ મેદાન છોડવું પડ્યું હતું. સ્ટૉક્સ પોતે મેદાનની બહાર નીકળ્યો ન હતો, પરંતુ તેણે મેદાનની બહાર જવા માટે સહારો લેવો પડ્યો હતો. સ્ટૉક્સની ઈજા ઈંગ્લેન્ડ માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે. ઈંગ્લેન્ડને ૨૧ ઓગસ્ટથી શ્રીલંકા સામે ત્રણ મેચની ટેસ્ટ સીરીઝ રમવાની છે.

સ્ટૉક્સ હાલમાં ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન છે. આવી સ્થિતિમાં ઈંગ્લેન્ડને શ્રીલંકા સામેની ટેસ્ટ સીરીઝમાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સ્ટૉક્સને હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ છે. નોર્ધન સુપરચાર્જર્સના સ્ટૉક્સને ગયા રવિવારે ધ હન્ડ્રેડમાં માન્ચેસ્ટર ઓરિજિનલ્સ સામે રમતી વખતે ઈજા થઈ હતી. ઈજા બાદ સ્ટોક્સનો મેદાન છોડવાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો હતો, જેમાં તે અન્યનો સહારો લઈને મેદાનની બહાર જતો જોવા મળે છે.



જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો સ્ટૉક્સનું સોમવારે સ્કેન થવાનું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે સ્ટૉક્સ શ્રીલંકા વિરૂદ્ધ રમાનારી ત્રણ મેચની ટેસ્ટ સીરીઝની પ્રથમ મેચ ગુમાવી શકે છે.

જો કે, આ મામલાની સત્તાવાર માહિતી હજુ સામે આવી નથી. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે સ્ટૉક્સ શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીમાં ભાગ લઈ શકશે કે નહીં. ઝડપી રન બનાવ્યા બાદ સ્ટૉક્સ પીડામાં જોવા મળ્યો હતો. સ્ટૉક્સે રન પૂરો કરતાની સાથે જ ઉભા થઈ જવું પડ્યુ અને અને તેના પગને જકડેલા જોયા, આ પછી સ્ટૉક્સે ઘોડીનો સહારો લીધો અને મેદાનની બહાર નીકળી ગયો હતો. સ્ટૉક્સ માત્ર ૪ બોલનો સામનો કરી શક્યો, જે બાદ તેને બહાર જવું પડ્યું.

# પેરિસ ઓલિમ્પિકના સમાપન સમારોહમાં મનુ ભાકર અને શ્રીજેશ તિરંગા સાથે છવાયા

પેરિસ,તા.૧૨

મનુ ભાકર અને પીઆર શ્રીજેશ પેરિસ ઓલિમ્પિકના સમાપન સમારોહ માં પરેડ ઓફ નેશન્સમાં ભારતીય ધ્વજ સાથે પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે ભારતના મનુ ભાકર અને પીઆર શ્રીજેશ, જેમને પેરિસ ઓલિમ્પિક ના સમાપન સમારોહ માટે સત્તાવાર ધ્વજ ધારક જાહેર કરવામાં આવ્યા હતા. તેઓને આઈઆએએ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના સમાપન સમારોહની શાનદાર શરૂઆત બાદ તમામ ટીમો પોતપોતાના ધ્વજ સાથે સ્ટેડિયમમાં પહોંચી ગઈ છે. તેઓએ પોતપોતાની જગ્યાઓ લીધી છે. ફ્રાન્સમાં ઓલિમ્પિક ગેમ્સ પેરિસ ૨૦૨૪ના સમાપન સમારોહ પહેલા એક અદભૂત નજારો જોવા મળ્યો હતો.૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક ગેમ્સના સમાપન સમારોહ દરમિયાન આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખ થોમસ બાચ સાથે ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, તેમની પત્ની બ્રિજિટ મેક્રોન.

મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિકમાં પહેલો મેડલ જીત્યો, ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ. ત્યારબાદ મનુ ભાકર-સરબજોત સિંહની જોડીએ ૧૦ મીટર એર



પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ પછી, સ્વપ્નિલ કુસાલે મેન્સ ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. ભારતીય હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને ચોથો મેડલ અપાવ્યો હતો. આ પછી નીરજ ચોપરાએ ભાલા ફેંકમાં સિલ્વર મેડલ જીત્યો. કુસ્તીબાજ અમન સેહરાવતે ૫૭ કિગ્રા કુસ્તીમાં બ્રોન્ઝ મેડલ જીતીને છઠ્ઠો મેડલ મેળવ્યો હતો.

પેરિસ ઓલિમ્પિકમાં ભારતનો છઠ્ઠો અને છેલ્લો મેડલ કુસ્તીમાં આવ્યો હતો. કુસ્તીબાજ અમન સેહરાવતે પુરુષોની ૫૭ કિગ્રા ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે ઓલિમ્પિકમાં ભારત માટે મેડલ જીતનાર સૌથી યુવા ખેલાડી પણ છે.જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિક ની ફાઈનલમાં તેની સિઝનની શ્રેષ્ઠ ૮૯.૪૫ મીટર ભાલા ફેંકી હતી. પરંતુ તે પાકિસ્તાનના ખેલાડી અરશદ નદીમને પાછળ છોડી શક્યો નહીં. પેરિસ ઓલિમ્પિકમાં હોકી ટીમે ભારતને ચોથો મેડલ અપાવ્યો હતો. ભારતે બ્રોન્ઝ મેડલ માટે સ્પેન સાથે મુકાબલો કર્યો હતો. ભારતે સ્પેનને ૨-૧થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમનો આ સતત બીજો બ્રોન્ઝ મેડલ છે.પેરિસ ઓલિમ્પિકમાં ભારતનો ત્રીજો મેડલ પણ શૂટિંગમાં આવ્યો હતો. સ્વપ્નિલ કુસલેએ પુરુષો ની ૫૦ મીટર રાઈફલ શૂટિંગ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પર નિશાન સાધ્યું.

# બિહારના મખદુમપુરમાં બાબા સિદ્ધનાથ મંદિરમાં ભાગદોડ મચી

જહાનાબાદ, તા ૧૨

બિહારના જહાનાબાદ જિલ્લાના મખદુમપુરમાં બાબા સિદ્ધનાથ મંદિરમાં ભાગદોડ મચી જવાથી ઓછામાં ઓછા ૭ લોકોના મોત થયા છે અને ૧૬ ઘાયલ થયા છે. સ્થાનિક રહેવાસીઓએ સંકેત આપ્યો છે કે મંદિરના પ્રવેશદ્વાર પાસે કંવરિયાઓ અને ફૂલ વિક્રેતાઓના જૂથ વચ્ચેના સંઘર્ષને કારણે આ ઘટના બની હશે. જો કે, નાસભાગ પાછળનું કારણ હાલમાં અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જહાનાબાદ જિલ્લા મેજિસ્ટ્રેટ અલંકૃતા પાંડેએ કહ્યું કે પરિસ્થિતિ હવે "નિયંત્રણ હેઠળ" છે."જહાનાબાદના બરાબર પહાડી વિસ્તારમાં આવેલા બાબા સિદ્ધેશ્વર નાથ મંદિરમાં નાસભાગમાં સાત લોકો, જેમાં મોટાભાગે કંવરિયા હતા, માર્યા ગયા હતા અને અન્ય ૧૬ લોકો ઘાયલ થયા હતા તેમ માહિતી પ્રાપ્ત થઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ કંવરીયાઓ વચ્ચેના મતભેદને કારણે નાસભાગ મચી હોવાનું જણાય છે. "એવું લાગે છે કે કંવરિયાઓ વચ્ચે કોઈ મુદ્દા પરના વિવાદને કારણે નાસભાગ મચી ગઈ," વહીવટીતંત્ર હાલમાં મૃતક ભક્તોની ઓળખ કરવા પર કામ કરી રહ્યું છે અને અંતિમ સંસ્કાર કરવા માટે દરેક અસરગ્રસ્ત પરિવારોને ૨૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાનું નક્કી કર્યું છે. "આ ઘટનામાં મૃત્યુ પામેલા





ભક્તોની ઓળખ માટે જોડાણ કરી રહ્યા છીએ. વહીવટીતંત્રે તેમના અંતિમ સંસ્કાર કરવા માટે મૃતકોના પરિવારોને ૨૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાનો નિર્ણય લીધો છે. હાલના ધોરણો અનુસાર વધારાનું વળતર આપવામાં આવશે," ડીએમએ જણાવ્યું હતું. એક પ્રત્યક્ષદર્શીએ દાવો કર્યો હતો કે જ્યાં ઘટના બની તે સ્થળે પોલીસને બદલે માર્ગ પર તૈનાત કરવામાં આવી હતી. "જો વહીવટીતંત્ર સારી રીતે કામ કર્યું હોત, તો ફૂલ વેચનાર લડાઈ પસંદ ન કરી શક્યા હોત. ત્યાં બોલાચાલી થઈ હતી. જો હું વધુ બે કે ચાર મિનિટ ત્યાં અટક્યો હોત, તો હું મરી ગયો હોત," તેમણે કહ્યું. "સ્થળ પર પોલીસ ક્યાંય દેખાતી ન હતી, તેઓ રસ્તા પર તૈનાત હતા. જો પોલીસ ત્યાં તૈનાત હોત, તો આ ઘટના બની ન હોત," પ્રત્યક્ષદર્શીએ ઉમેર્યું. જહાનાબાદના સબ-ડિવિઝનલ ઓફિસર જેહાનાબાદ વિકાસ કુમારે દાવો કર્યો હતો કે તમામ "વ્યવસ્થાઓ ચુસ્ત" હતી અને વહીવટીતંત્ર "સ્થિતિનો સ્ટોક" લઈ રહ્યું છે. "તે એક દુઃખદ ઘટના છે. તમામ વ્યવસ્થાઓ ચુસ્ત હતી, અમે પરિસ્થિતિનો અભ્યાસ કરી રહ્યા છીએ અને પછી તમને આ વિશે વધુ જાણ કરીશું," તેમણે કહ્યું. ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે મુકુંદાપુર અને આસપાસના વિસ્તારો માં નજીકની તબીબી સુવિધાઓમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટના રવિવારે રાત્રે અંદાજે ૧૧.૩૦ કલાકે બની હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા આનંદ કુમાર ઉર્ફે વિશાલે જણાવ્યું કે આ ઘટના રાત્રે લગભગ ૧ વાગ્યે બની હતી. ત્યારે મંદિરમાં જળ ચડાવતા લોકોની ભારે ભીડ જોવા મળી હતી. પહેલા પાણી ચઢાવવા માટે ભક્તો ધમાલ કરવા લાગ્યા. થોડી જ વારમાં આ ઝપાઝપી નાસભાગમાં ફેરવાઈ ગઈ. આવી સ્થિતિમાં જેઓ બહાર નીકળ્યા તેઓ તો બચી ગયા, પરંતુ જેઓ અંદર ફસાયેલા રહ્યા, તેમના પર અનેક લોકો ચડીને બહાર નીકળવા લાગ્યા હતા. જેના કારણે સ્થિતિ નિયંત્રણ બહાર ગઈ હતી

અન્ય ઈજાગ્રસ્તોના જણાવ્યા અનુસાર, જો કે આ મંદિરમાં વર્ષના ૩૬૫ દિવસ ભક્તોની ભીડ રહે છે, પરંતુ શ્રાવણના મહિનામાં ભીડ વધુ વધી જાય છે. ખાસ કરીને સોમવારે મંદિરમાં જળાભિષેક કરવા માટે ભક્તોની લાંબી કતારો લાગે છે. આ વખતે પણ સાવનના ચોથા સોમવારે ભોલેનાથના જળાભિષેક માટે રવિવારે રાત્રે ૧૦ વાગ્યાથી જ કતારો લાગી ગઈ હતી. ૧૨.૩૦ પછી લોકો શિવલિંગ તરફ જવા લાગ્યા. દરમિયાન નાસભાગ મચી ગઈ હતી અને આ અકસ્માત થયો હતો. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જાહેરાત કરી હતી કે સરકાર દરેક પીડિતના નજીકના સંબંધીઓને ૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપશે. મુખ્યમંત્રીએ પણ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું અને જાનહાનિ બદલ શોક વ્યક્ત કર્યો હતો. બિહારના સીએમ નીતિશ કુમારે જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે અને દરેક પીડિતના નજીકના સંબંધીઓને ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા આપવાના આદેશ આપ્યા છે," મુખ્યમંત્રી કાર્યાલયે જાહેરાત કરી.

# ૧૫ ઓગસ્ટે સતત ૧૧મી વખત ત્રિરંગો લહેરાવશે વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૧૨

દેશના ઈતિહાસમાં ૨૦૨૪માં નવું નવું થઈ રહ્યું છે ત્યારે લાલ કિલ્લાના ઈતિહાસમાં પણ એ પ્રથમ વખત હશે કે જ્યારે કોઈ વડા પ્રધાને સતત ૧૧મી વખત તિરંગો લહેરાવ્યો હોય. એ શ્રેય વડાપ્રધાન મોદીના ફાળે જાય છે. જ્યારે ૧૫ ઓગસ્ટે ફરી એકવાર લાલ કિલ્લાની પ્રાચી પરથી તેઓ દેશવાસીઓને સંબોધિત કરશે. જવાહર લાલ નેહરુ પછી તેઓ બીજા વડાપ્રધાન હશે જેઓ અહીંથી સતત ૧૧ વખત રાષ્ટ્રને સંબોધિત કરશે. પોતાની ત્રીજી ઈનિંગની શરૂઆતમાં તે સરકારની પ્રાથમિકતાઓને દેશની સામે રજૂ કરી શકે છે અને ભારતને વિકસિત દેશ બનાવવાનો રોડ મેપ આપી શકે છે. આ સ્વતંત્રતા દિવસ પર પીએમ મોદીના ખાસ મહેમાનો લાલ કિલ્લા પર જોવા મળશે.પીએમ મોદી હંમેશા કહે છે કે તેમની સરકારનું ધ્યાન જ્ઞાન પર છે એટલે કે ગરીબ, યુવાનો, અન્નદાતા અને મહિલાઓ. પીએમ મોદીએ ઉલ્લેખ કરેલા આ ચાર વર્ગો ના પ્રતિનિધિઓને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા છે અને આ તમામ લોકો લાલ કિલ્લા પર હાજર રહેશે.

મહેમાનો ૧૧ કેટેગરીમાં વિભાજિતઆ ચાર કેટેગરીના લગભગ ચાર હજાર મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. મહેમાનોને ૧૧ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ, યુવા બાબતો, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયોને ખેડૂતો, યુવાનો અને મહિલા મહેમાનોને આમંત્રિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત પંચાયતી રાજ અને ગ્રામીણ વિકાસ, આદિજાતિ બાબતો, શિક્ષણ અને સંરક્ષણ મંત્રાલયોએ પણ મહેમાનોની યાદી તૈયાર કરાઈ ગઈ છે. આ સિવાય નીતિ આયોગ પણ મહેમાનોને આમંત્રિત કરી રહ્યું છે. વધુમાં આ વર્ષે ઓલિમ્પિક માં ભાગ લેનારા તમામ ભારતીય ખેલાડીઓને પણ આમંત્રિત કરવામાં આવી શકે છે એવી માહિતી મળી રહી છે. સ્વતંત્રતા દિવસના કાર્યક્રમમાં એકંદરે ૧૮ હજારથી વધુ લોકો હાજર રહી શકે છે એવી શક્યતાઓ વર્તાઇ રહી છે અને તે અંગે પર્યાપ્ત સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી રહી છે. ૧૫મી ઓગસ્ટ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ સરકાર



દ્વારા ખાસ ટ્રાફિક એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે જેથીસામાન્ય જન-માણસને કોઈ મુશ્કેલી નહીં પડે. પરંતુ ૧૫ ઓગસ્ટ પહેલા નોઈડાથી દિલ્હી જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે એવી પણ ટ્રાફિક પોલીસે એડવાઈઝરી જારી કરી છે. આ સાથે ૧૫ ઓગસ્ટ પહેલા દિલ્હીના તમામ વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

દિલ્હી પોલીસની નજર દરેક જગ્યાએ છે, પછી ભલે તે સુરક્ષા પોઈન્ટ પર સૈનિકોને તૈનાત કરતી હોય, વાહનોની તપાસ કરતી હોય કે પછી ડ્રોન દ્વારા તેના પર નજર રાખવાની હોય. દિલ્હી પોલીસ દરેક ખૂણે સુરક્ષાનું ખાસ ધ્યાન રાખી રહી છે. સ્વતંત્રતા દિવસ પર સુરક્ષાને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસ દ્વારા એક એપ બનાવી છે જે સુરક્ષાના દૃષ્ટિકોણએ મહત્વપૂર્ણ કાર્ય કરી રહી છે. આ એપનું નામ ઈ-પ્રાઈવેટ જે માત્ર દિલ્હી પોલીસ માટે જ બનાવવામાં આવ્યું છે. પરંતુ તેનો ઉપયોગ સામાન્ય લોકો કરી શકતા નથી ફક્ત પોલીસકર્મીઓ જ આ એપનો ઉપયોગ કરી શકે છે. તેના દ્વારા દિલ્હીના લાલ કિલ્લાની નજીક રહેતા લોકોની માહિતી ચકાસી શકાય છે.દિલ્હી પોલીસે ૧૫ ઓગસ્ટ પહેલા જ સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા કરી લીધી છે અને સ્થાનિક લોકોને પણ ડ્રોન ન ઉડાડવાની સૂચના આપવામાં આવી છે, કારણ કે હાલમાં લાલ કિલ્લાની આસપાસ ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ છે અને જો તેઓ આમ કરે છે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોતાની ત્રીજી ઈનિંગની શરૂઆતમાં તે સરકારની પ્રાથમિકતાઓને દેશની સામે રજૂ કરી શકે છે અને ભારતને વિકસિત દેશ બનાવવાનો રોડ મેપ આપી શકે છે. આ સ્વતંત્રતા દિવસ પર પીએમ મોદીના ખાસ મહેમાનો લાલ કિલ્લા પર જોવા મળશે.પીએમ મોદી હંમેશા કહે છે કે તેમની સરકારનું ધ્યાન જ્ઞાન પર છે એટલે કે ગરીબ, યુવાનો, અન્નદાતા અને મહિલાઓ. પીએમ મોદીએ ઉલ્લેખ કરેલા આ ચાર વર્ગો ના પ્રતિનિધિઓને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા છે અને આ તમામ લોકો લાલ કિલ્લા પર હાજર રહેશે.

# યૂક્રેનની સેનાએ પોતાનો ઝંડો લહેરાવીને મનાવ્યો જશ્ન

મોસ્કો, તા.૧૨

રશિયા અને યૂક્રેન વચ્ચેના યુદ્ધને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. યૂક્રેને રશિયન સેનાને મોટો ફટકો આપ્યો છે. સમાચાર છે કે યૂક્રેનની સેના રશિયાની સરહદમાં ઘૂસીને કાર્યવાહી કરી રહી છે. યૂક્રેની સેના રશિયાના વિસ્તારમાં ૩૦ કિલોમીટર સુધી ઘૂસી ગઈ છે. યૂક્રેનના સૈનિકો પણ ઈમારતો પર પોતાના દેશનો ધ્વજ લહેરાવી રહ્યાં છે. રશિયા માટે આને મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. વળી, આ અંગે યૂક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કી તરફથી સત્તાવાર નિવેદન પણ આવ્યું છે. તેમણે રશિયામાં યૂક્રેનિયન સેનાના પ્રવેશની પુષ્ટિ કરી છે.



રશિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા પણ એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. રશિયાએ કહ્યું કે તેના દળોએ ટોલપિનો અને ઓબ્શ્રી કોલોડેજ ગામો નજીક યૂક્રેનિયન સૈનિકો સાથે અથડામણ કરી હતી. વળી, યૂક્રેનના અધિકારીઓ ઘણા દિવસો સુધી આ સમાચાર વિશે મૌન રહ્યા. રશિયાની અંદર યૂક્રેનિયન સૈનિકોની તસવીરો, વીડિયો સામે આવ્યા બાદ જ આ નિવેદન જાહેર કરવામાં આવ્યું છે, કારણ કે આ ઘટનાને પુતિન માટે શરમજનક ગણાવવામાં આવી રહી છે, કારણ કે રવિવારે છઠ્ઠા દિવસે પણ રશિયન સેના યૂક્રેનિયન સૈનિકોને રોકી શકી નથી. આ પહેલીવાર છે જ્યારે યૂક્રેનની સેના કુર્સ્ક ઓપરેશન દ્વારા રશિયામાં પ્રવેશી છે. તે રશિયન સેના માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સોશિયલ મીડિયા પર આવા કેટલાક વીડિયો પણ સામે આવ્યા હતા, જેમાં બતાવવામાં આવ્યું હતું કે યૂક્રેનની સેનાના દળો રશિયન વિસ્તારના ગામમાં હસી રહ્યા છે.

એક વીડિયોમાં, એક યૂક્રેનિયન સૈનિક તેના દેશનો ઝંડો ઈમારત પર લઈ જાય છે અને તેને દિવાલ પર ઊભેલા સાથી સૈનિકને સોંપે છે. સૈનિકો ઈમારત પર યૂક્રેનિયન ધ્વજ ફરકાવે છે. વીડિયોમાં યૂક્રેનના સૈનિકો પણ રશિયન ધ્વજને જમીન પર ફેંકતા જોવા મળે છે. રશિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા પણ એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. રશિયાએ કહ્યું કે તેના દળોએ ટોલપિનો અને ઓબ્શ્રી કોલોડેજ ગામો નજીક યૂક્રેનિયન સૈનિકો સાથે અથડામણ કરી હતી. વળી, યૂક્રેનના અધિકારીઓ ઘણા દિવસો સુધી આ સમાચાર વિશે મૌન રહ્યા. રશિયાની અંદર યૂક્રેનિયન સૈનિકોની તસવીરો, વીડિયો સામે આવ્યા બાદ જ આ નિવેદન જાહેર કરવામાં આવ્યું છે.

## કચ્છી વેપારીની પત્નીની નજર સામે જ આફ્રિકામાં હત્યા, રોકડની લૂંટ

ભુજ,તા.૧૨

નાનપણથી ઘાટકોપર (ઈસ્ટ) માં અને પછી પવઈમાં રહેતા ઈસ્ટ આફ્રિકાના દેશ માડાગાસ્કરના મજેન્ડા ના ચોખાના ઈમ્પોર્ટર અને કઠોળના એક્સપોર્ટર જયેશ છેડા પર શુક્રવારે ભારતીય સમય પ્રમાણે રાતના ૯.૩૦ વાગ્યે સ્થાનિક અસામાજિક તત્ત્વોએ તેમનાં પત્ની ઉમાબહેન સામે જ તેમને લૂંટીને તેમના પર ફાયરિંગ કર્યું હતું. આ બનાવમાં ૫૭ વર્ષના કચ્છી વીસા ઓસવાળ જૈન જયેશભાઈ શાહનું મૃત્યુ થવાથી મુંબઈના કચ્છી જૈન સમાજમાં અને દેશના ચોખા-કઠોળના એક્સપોર્ટર -ઈમ્પોર્ટર સમુદાયમાં ખળભળાટ અને આઘાત ફેલાયો હતો. જયેશ છેડાના મોટા ભાઈ અને કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજના અગ્રણી જતીન છેડાએ કહ્યું હતું કે અમારી મૂળ અનાજની પેઢી શાહ રવજી ગાંગજીની કંપની વર્ષો પહેલાં મસ્જિદ બંદરના દાણાબજારમાં હતી. અન્ય પેઢીઓની જેમ ૧૯૯૩માં અમારી કંપની નવી મુંબઈના વાશીની અડખઈ માર્કેટમાં શિફ્ટ થઈ હતી. મારા પિતા મોરારજી દેઢિયા ૨૦૦૩માં દેહાંત પામ્યા એ પછી નવી મુંબઈની પેઢીને બંધ કરીને મારા નાના ભાઈ જયેશે ૨૦૧૦માં મેડગેસ્કર-મજેન્ડાના પોર્ટ પાસે ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો સ્વતંત્ર બિઝનેસ શરૂ કર્યો હતો. જયેશ તેની પત્ની ઉમા સાથે મજેન્ડા (મોરિશ્યસની બાજુમાં)માં રહેતો હતો. ત્યાં તે અનાજ અને કઠોળની સાથે વિશેષરૂપે ચોખાની આયાતનો બિઝનેસ કરતો હતો. જયેશ વર્ષે ૭૦૦થી ૧૦૦૦ ક્ધટેનરોનો ચોખાનો બિઝનેસ કરતો હતો. ત્યાંથી તે વર્ષે ૩૦૦થી ૪૦૦ ક્ધટેનર ચોળા ભારત એક્સપોર્ટ કરતો હતો. જયેશ જ્યાં રહેતો હતો ત્યાં ૧૫૦થી ૨૦૦ ગુજરાતી પરિવારો રહે છે.

દુખદ ઘટનાની જાણકારી આપતાં જતીન છેડાએ કહ્યું હતું કે શુક્રવારે જયેશ તેના રોજિંદા ક્રમ પ્રમાણે સાંજે તેની ઑફિસ બંધ કરીને પાંચ-સાત મિનિટ ના અંતરે આવેલા નિવાસસ્થાને તેની પત્ની સાથે પહોંચ્યો હતો. ત્યાં તેણે તેની પત્ની સાથે બહાર જવાનો પ્લાન બનાવતાં એક કાર પાર્ક કરીને બીજી કાર લેવા જઈ રહ્યો હતો. ત્યારે તેને બાઈક પર આવેલા હબસીઓએ રિવોલ્વર બતાવીને આંતર્યો હતો. જયેશ આફ્રિકા રહેવા ગયો ત્યારથી જ તેણે ત્યાંની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું હતું કે ક્યારેક કોઈ લૂંટવા આવે તો તરત જ સરેન્ડર થઈને તેને બધું જ સોંપી દેવું.

# USમાં ડિપોર્ટેશનના કેસમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો

વોશિંગ્ટન, તા.૧૨

અમેરિકામાં અત્યારે ઈમિગ્રેશન કોર્ટ પર કામનો એટલો બધો બોજ આવ્યો છે કે અગાઉ ક્યારેય આટલું કામ જોવા નથી મળ્યું. તેનું કારણ છે કે ઈલિગલ માઈગ્રન્ટ્સને હટાવવા માટે ડિપોર્ટેશનના કેસ ધડાધડ ફાઈલ થઈ રહ્યા છે. તેના કારણે ઈમિગ્રેશન કોર્ટનું ભારણ પણ વધી ગયું છે. મેસેચ્યુસેટ્સ રાજ્યનો જ દાખલો લઈએ તો અમેરિકાની આસપાસના દેશોમાંથી હજારો લોકો હિંસા અને ઈનસિક્યોરિટીથી બચવા માટે આ સ્ટેટમાં ઘૂસી આવ્યા છે. પરંતુ તેમને ડિપોર્ટ કરવા માટે કેસીસનો ઢગલો થયો છે.

આખી વાતને આંકડામાં સમજીએ તો ખ્યાલ આવશે કે ડિપોર્ટેશનની કામગીરી કેવી જોરદાર ચાલી રહી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ પહેલી વખત નવ મહિનાના ગાળામાં મેસેચ્યુસેટ્સ ઈમિગ્રેશન કોર્ટમાં ૪૪,૦૦૦ નવા ડિપોર્ટેશનના કેસ ફાઈલ કર્યા છે. હાલની ગતિએ જોવામાં આવે તો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ડિપોર્ટેશનના કુલ કેસની સંખ્યા લગભગ ૬૦ હજાર સુધી પહોંચી જશે જે એક રેકોર્ડ હશે.

ફેડરલ ઈમિગ્રેશન ઓથોરિટી રેકોર્ડ સંખ્યામાં ડિપોર્ટેશનના કેસ કરી રહી છે. કેટલાય લોકો ઝપટે ચઢી ગયા છે અને કોર્ટમાં હિયરિંગના દિવસે ધક્કા ખાઈ રહ્યા છે. ગયા વર્ષે આટલા બધા ડિપોર્ટેશનના કેસ ફાઈલ નહોતા થયા. અગાઉ આખા વર્ષમાં ૫૪,૦૦૦ કેસ થયા હતા અને આ વખતે નવ મહિનામાં ૬૦ હજાર કેસ થઈ જવાના છે. અને આ માત્ર મેસેચ્યુસેટ્સ સ્ટેટની વાત છે. આમાંથી મોટા ભાગના કેસ કોર્ટમાં પેન્ડિંગ છે અને તેમાં વિરુદ્ધમાં ચુકાદો આવશે તો લોકોએ અમેરિકા છોડવું પડશે.

અમેરિકામાં જો બાઈડન પ્રેસિડન્ટ બન્યા ત્યાર પછી છેલ્લા કેટલાક સમયથી ડિપોર્ટેશનની કામગીરીમાં વેગ આવ્યો છે. તેનું એક કારણ એ પણ છે કે અમેરિકામાં શરણ માટે ઘૂસનારા લોકો અસાઈલમ સીકર્સની સંખ્યા ઘણી વધી ગઈ છે. ખાસ કરીને યુએસ મેક્સિકો બોર્ડર પરથી તથા એરપોર્ટ પરથી મોટી સંખ્યામાં ઈમિગ્રન્ટ્સ આવી રહ્યા છે. એક એક્સપર્ટે કહ્યું કે આમાંથી ઘણા લોકો કાયદેસર રીતે યુએસમાં એન્ટ્રી મેળવે છે. ખાસ કરીને પેરોલ પ્રોગ્રામનો ઉપયોગ કરે છે. પોતાના દેશમાં રાજકીય અસ્થિરતાનું કારણ આપીને લોકો અમેરિકામાં ઘૂસતા હોય છે. પેરોલ પ્રોગ્રામનો ફાયદો ઉઠાવીને અમેરિકા માં હજારો માઈગ્રન્ટ આવી ગયા છે. તેમને ટેમ્પરરી રહેવાનું ઓથોરાઈઝેશન મળે છે. તેથી કેટલાય ઈમિગ્રન્ટ એવા છે જેમની સામે ડિપોર્ટેશનની નોટિસ આપવામાં આવી છે. ઈમિગ્રન્ટ આ નોટિસને કોર્ટમાં ચેલેન્જ કરી શકે છે અને એક પ્રકારની ઈમિગ્રેશન રિલિફ માગી શકે છે, જેમ કે તેઓ અસાઈલમ માગી શકે છે. હવે અમેરિકાની કોર્ટમાં આવા હજારો કેસોનો બેકલોગ સર્જાયો હોય છે તેથી ઈમિગ્રેશન જજ ફાઈનલ ઓર્ડર આપે તેમાં ઘણાય વર્ષો લાગી જાય છે.

## ઓસ્ટ્રેલિયામાં હોટેલની છત પર હેલિકોપ્ટર ક્રેશ, ૨નાં મોત, આગ ફેલાતા ૪૦૦ને બચાવાયા



કેઈર્ન્સ,તા.૧૨

ઓસ્ટ્રેલિયાના કેઈર્ન્સ શહેરના હિલ્ટન વિસ્તારમાં આવેલી ડબલ ટ્રી નામની હોટેલની છત સાથે હેલિકોપ્ટર અથડાતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. હેલિકોપ્ટર ૧૦ હજાર ફૂટની ઊંચાઈથી અચાનક હોટલની છત પર પડ્યું હતું અને તેની સાથે જ હેલિકોપ્ટરમાં આગ લાગી હતી. દુર્ઘટના બાદ તરત જ હોટલ ને ખાલી કરાવવામાં આવી હતી અને ૪૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટના માં પાયલટ અને એક મુસાફરનું મૃત્યુ થયું છે. અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે હોટેલની છત પર હેલિકોપ્ટર અથડાયા બાદ હોટલના સેંકડો મહેમાનોને બહાર કાઢવામાં આવ્યા હતા. સોમવારે સવારે લગભગ ૨ વાગ્યે હોટેલમાં દુર્ઘટના માટે ઈમરજન્સી ક્રૂને બોલાવવામાં આવ્યા હતા. કેસની તપાસ ચાલી રહી છે. અહેવાલ છે કે હેલિકોપ્ટરના બે પ્રોપેલર અટકી ગયા હતા, ત્યારબાદ હેલિકોપ્ટર હોટલની છત સાથે અથડાયું હતું અને ક્રેશ થયું હતું. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં હોટલની છત પર આગ લાગી હોય એવું દેખાઈ છે. ઓસ્ટ્રેલિયન મીડિયા રિપોર્ટ્સ અનુસાર હેલિકોપ્ટરના બે પ્રોપેલર તૂટી ગયા છે. આમાંથી એક હોટલના પૂલમાં પડી ગયો છે.

# પોલીસ તપાસ નહીં કરી શકી તો આ કેસ CBIને ટ્રાન્સફર કરી દઈશ

કોલકાતા, તા.૧૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આજે રેપ અને મર્ડરનો શિકાર બનેલ મહિલા ડોક્ટરના ઘરે પહોંચ્યા હતા. આ મામલે તેમની સરકાર બેકફૂટ પર છે અને ભાજપ સહિત આખો વિપક્ષ તેમના પર પ્રહાર કરી રહ્યો છે. હવે આ મામલે મમતા બેનર્જી પણ એક્ટિવ છે અને તેમણે પોલીસને રવિવાર સુધીમાં આ કેસની તપાસ પૂર્ણ કરવા માટે કહ્યું છે. તેમણે કહ્યું કે, જો પોલીસ આ મામલે રવિવાર સુધીમાં તપાસ નહીં કરી શકી તો પછી હું આ કેસ CBIને ટ્રાન્સફર કરી દઈશ.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મૃતક મહિલા ડોક્ટરના માતા-પિતા અને પરિવારના અન્ય સભ્યો સાથે વાત કરી. શુક્રવારે વહેલી સવારે આરજી કર મેડિકલ કોલેજની ટ્રેઈની મહિલા ડોક્ટર નો હોસ્પિટલના પરિસરમાં જ રેપ કરવામાં આવ્યો હતો અને પછી તેની



ક્રૂરતા પૂર્વક હત્યા કરી નાખવામાં આવી હતી. આ મામલે પોલીસે આરોપી સંજય રોય નામના વ્યક્તિની ધરપકડ કરી છે જે સિવિક વોલેન્ટિયર છે અને તે મોટાભાગે હોસ્પિટલમાં આવતો હતો. આ કોલકાતા કંડ પર સમગ્ર દેશના ડોક્ટર્સ રોષે ભરાયા છે. આજે દિલ્હી સહીત દેશની તમામ સરકારી હોસ્પિટલમાં ડોક્ટરો હડતાળ કરી રહ્યા છે અને આ મામલે કાર્યવાહીની માગ કરવામાં આવી રહી છે. તેઓએ કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે, આ કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં થાય.

બંગાળ સરકાર પણ આ મામલે બેકફૂટ પર છે અને આ જ કારણ છે કે, હવે આ મામલાની કમાન સીધી મમતા બેનરજીએ સંભાળી લીધી છે. આ મામલે મેડિકલ કોલેજના પ્રિન્સિપાલે રાજીનામું પણ આપી દીધુ છે. તેમના ઉપર પીડિતાને દોષી ઠેરવવાનો આરોપ હતો. આ મામલે સોશિયલ મીડિયા પર પણ પ્રિન્સિપલ સંદીપ ઘોષને ઘેરવામાં આવી રહ્યા હતા. તેમણે રાજીનામું આપતા કહ્યું કે, મને સોશિયલ મીડિયા પર કારણ વગર જ ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં હું રાજીનામું આપી રહ્યો છું. નોંધાનીય છે કે, મહિલા ડોક્ટર ના મૃતદેહના પોસ્ટમોર્ટમમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. તેમાં જાણવા મળ્યું છે કે, ડોક્ટરના મોઢા માંથી, પ્રાઈવેટ પાર્ટ સહિત અનેક જગ્યાએથી લોહી વહી રહ્યું હતું.

## છૂટક કે રિટેલ ફુગાવાનો દર જુલાઈમાં ૫ વર્ષના નીચા સ્તરે

નવી દિલ્હી, તા.૧૨

જુલાઈમાં ફુગાવાથી જનતાને મોટી રાહત મળતી દેખાઈ રહી છે. છૂટક કે રિટેલ ફુગાવાનો દર જુલાઈમાં ૫ વર્ષના નીચા સ્તરે આવી ગયો છે અને ૩.૫૪ ટકા રહ્યો છે. આ ઓગસ્ટ ૨૦૧૯ પછી સૌથી નીચું સ્તર છે. ઓગસ્ટ ૨૦૧૯માં રિટેલ ફુગાવાનો દર ૩.૨૮ ટકા પર હતો. સોમવારે રિટેલ ફુગાવાનો દર અને ઔદ્યોગિક ઉત્પાદનનો આંકડો આવી ગયો છે. તેમાં જૂન ૨૦૨૪માં IIP ૪.૨ ટકા પર રહ્યો છે. છૂટક ફુગાવાના દરમાં ઘટાડાનું મોટું કારણ ખાદ્ય ફુગાવાના દરમાં ઘટાડો છે. જુલાઈ ૨૦૨૪માં ખાદ્ય ફુગાવાનો દર ઘટીને ૫.૪૨ ટકા પર રહ્યો છે જે જૂન ૨૦૨૪માં ૯.૨૬ ટકા હતો. જુલાઈ ૨૦૨૩માં ખાદ્ય ફુગાવાનો દર ૭.૪ ટકા પર રહ્યો હતો. શાકભાજી અને કઠોળના ફુગાવાના દરમાં ઘટાડાને કારણે ખાદ્ય ફુગાવો ઘટ્યો છે. આંકડાશાસ્ત્ર મંત્રાલયે છૂટક ફુગાવાના દરનો જે આંકડો જારી કર્યો છે તે મુજબ જુલાઈ ૨૦૨૪માં જૂન મહિનાની સરખામણીમાં શાકભાજી અને કઠોળના ફુગાવામાં ભારે ઘટાડો આવ્યો છે. જુલાઈમાં શાકભાજીનો ફુગાવાનો દર ઘટીને ૬.૮૩ ટકા રહ્યો છે જે જૂનમાં ૨૯.૩૨ ટકા હતો. કઠોળનો ફુગાવાનો દર જુલાઈમાં ૧૪.૭૭ ટકા રહ્યો છે જે જૂનમાં ૧૪.૭૭ ટકા હતો. અનાજ અને તેની સાથે સંબંધિત ઉત્પાદનોનો ફુગાવાનો દર ૮.૧૪ ટકા રહ્યો છે જે જૂનમાં ૮.૭૫ ટકા હતો. ખાંડનો ફુગાવાનો દર ૫.૨૨ ટકા રહ્યો છે જે જૂનમાં ૫.૮૩ ટકા હતો. ઈંડાના ફુગાવાના દરમાં વધારો થયો છે અને તે ૬.૭૬ ટકા રહ્યો છે જે અગાઉના મહિનામાં ૩.૯૯ ટકા હતો. દૂધ અને તેની સાથે સંબંધિત ઉત્પાદનોનો ફુગાવાનો દર ૨.૯૯ ટકા રહ્યો છે. છૂટક ફુગાવાનો દર ઘટીને RBIના ટોલરન્સ બેન્ડ ૪ ટકાની નીચે પહોંચી ગયો છે. ભારતીય રિઝર્વ બેંકે તેના પોલિસી રેટ્સમાં ફેરફાર કરવા માટે ૪ ટકા પર ફુગાવાના દરના આવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

## ગૌણ સેવા દ્વારા વધુ એક ભરતીની જાહેરાત કરાઈ

ગાંધીનગર,તા.૧૨

સરકારી નોકરી કરવા ઈચ્છતા લોકો માટે સારા સમાચાર છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૧૭ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી છે. ગૌણ સેવા પસંદગી મંડળે આપેલી માહિતી પ્રમાણે ફાયરમેન-કમ-ડ્રાઈવરની કુલ ૧૧૭ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. પરંતુ આ ભરતી કરાર આધારિત છે. આ માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી છે. ભરતીની વિગત

ગૌણ સેવાએ આપેલી માહિતી પ્રમાણે કુલ ૧૧૭ જગ્યા ભરવામાં આવશે. જેમાં નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓમાં ૯ જગ્યા અને ગાંધીનગર મહાનગર પાલિકામાં ૧૦૮ જગ્યાઓ ભરવામાં આવશે. આ તમામ જગ્યાઓ કરાર આધારિત છે. આ પોસ્ટ પર થશે ભરતી ફાયરમેન-કમ-ડ્રાઈવર પગાર ૨૬ હજાર ફિક્સ કેટલો રહેશે કરાર ત્રણ વર્ષ/પાંચ વર્ષ ફોર્મ ભરવાની વિગત ફોર્મ ભરવાની શરૂઆત ૧૬ ઓગસ્ટથી થશે અને ઉમેદવારો ૩૧ ઓગસ્ટ સુધી ફોર્મ ભરી શકશે.

# સુનિતા વિલિયમ્સ ૨૦૨૫ સુધી પાછી નહીં ફરી શકે, ખોરાક-પાણીની સુવિધા ઉપલબ્ધ છે

વોશિંગ્ટન,તા.૧૨

બોઈંગની નવી સ્ટારલાઈનરને જૂનમાં પ્રથમ પરીક્ષણ માટે સુનિતા વિલિયમ્સ અને બેરી બુશ વિલ્મોર સાથે અવકાશમાં મોકલવામાં આવી હતી. આ બંને અવકાશયાત્રીઓને એક અઠવાડિયામાં પૃથ્વી પર પાછા ફરવાનું હતું. જો કે, ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ઉતર્યા પછી, સ્ટારલાઈનર કેપ્સ્યુલમાં થ્રસ્ટર ફેલ્યોર અને હિલીયમ લીક જેવી ખામીઓ થઈ હતી. આ ખામીઓને કારણે, બંને અવકાશયાત્રીઓનું પૃથ્વી પર પાછા ફરવાનું મોકૂફ રાખવામાં આવ્યું હતું અને હવે તેમના વહેલા પરત આવવાની આશા પણ ઠગારી નીવડી રહી છે.

માહિતી અનુસાર, નાસા હવે આ બંને અવકાશયાત્રીઓને પાછા લાવવા માટે નવા વિકલ્પ તરીકે સ્પેસએક્સ ડ્રેગન કેપ્સ્યુલનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યું છે. સ્પેસએક્સ ડ્રેગન એક પરીક્ષણ કરાયેલ પુનઃઉપયોગી અવકાશયાન છે. આનો અર્થ એ છે કે સુનિતા વિલિયમ્સ અને વિલ્મોરે ઓછામાં ઓછા ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી આઈએસએસ પર રહેવું પડશે. કારણ કે ડ્રેગનનું આગામી મિશન મુલતવી રાખવામાં આવ્યું હતું.

હવે આ મિશનની સ્થિતિને લઈને




અનેક ચિંતાજનક સવાલો ઉભા થઈ રહ્યા છે. બંને અવકાશયાત્રીઓની તબિયત પણ એક મોટો મુદ્દો છે. આ સિવાય આગામી ૬ મહિના સુધી ISS પર આ બંને અવકાશયાત્રીઓ માટે કેવા પ્રકારની તૈયારીઓ છે. અહેવાલો અનુસાર,આઈએસએસ પર માઈક્રોગ્રેવિટીના લાંબા સમય સુધી સંપર્ક માં રહેવાથી, સુનિતા વિલિયમ્સ અને બુશ વિલ્મોરને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે ઓછી હાડકાની ઘનતા , દ્રષ્ટિની સમસ્યાઓ અને ડીએનએ નુકસાનને કારણે કેન્સરનું જોખમ હોઈ શકે છે. તમને જણાવી દઈએ કે આ તમામ કારણોને લીધે અવકાશ સંશોધન મિશન ટૂંકા ગાળાના રાખવામાં આવે છે.

૬ મહિના સુધી અવકાશયાત્રીઓના રોકાણને સમાવવા માટે આઈએસએસ કેટલું સક્ષમ છે? આ પ્રશ્નનો જવાબ હા છે. તમને જણાવી દઈએ કે આંતરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન નિઃશંકપણે આઈએસએસ પર ઓક્સિજન-જનરેશન એકમો છે, જે અવકાશયાત્રીના શ્વાસમાંથી ઓક્સિજન એકત્રિત કરવામાં સક્ષમ છે. પાણીની વાત કરીએ તો આઈએસએસ પર એક એવી ટેક્નોલોજી છે જેના દ્વારા અવકાશમાં ભેજ એકઠો થાય છે અને પાણીમાં રૂપાંતરિત થાય છે. આ ઉપરાંત, એક ઉપકરણ પણ છે જે પેશાબને શુદ્ધ કરે છે અને તેને પીવાના પાણીમાં ફેરવે છે.હાલમાં વિલિયમ્સ અને વિલ્મોરને ખોરાક, કપડાં કે અન્ય પાયાની જરૂરિયાતોની અછતનો સામનો કરવો પડતો નથી. પરંતુ તેનું પૃથ્વી પર પરત ફરવું અત્યારે ચોક્કસપણે અનિશ્ચિત છે.

## સંક્ષિપ્ત સમાચાર

# ગુરૂવારે ગાંધીધામ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા ગુરુદેવની સ્વર્ગારોહણતિથિ ઉજવાશે



માંડવી તા.૧૨

ગાંધીધામ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના આંગણે તા.૧૫,ગુરૂવારના રાષ્ટ્રરક્ષા, ધર્મરક્ષા, સંસ્કૃતિરક્ષાના સ્વામી ગુરુદેવ પંન્યાસપ્રવર ચંદ્રશેખર વિજયજી મહારાજાની ૧૩મી સ્વર્ગારોહણતિથિ ભાવપૂર્વક ઉજવાશે, જૈનાચાર્ય અનંતયશસુરીશ્વરજી મ.સા, પંન્યાસપ્રવર અનંતજ્ઞાનવિજયજી, સાધ્વી ચિત્રગુણાશ્રીજી મ.સા. ચારુનયનાશ્રીજી મ.સા,આદિ સાધુ અને સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં સવારના ૯:૧૫ થી ૧૦:૧૫ દરમિયાન સકળસંઘની ઉપસ્થિતિમાં ગુણાનુવાદનો કાર્યક્રમ યોજાશે, દાતા લાલજી જીવરાજ લોદરીયાના સૌજન્યથી બૃહદ ગાંધીધામના સમસ્ત પૂજારીઓનું બહુમાન કરવામાં આવનાર હોવાનું માંડવી તપગચ્છ જૈન સંઘના મીડિયા કન્વીનર દિનેશ શાહે જણાવ્યું હતું.

# માંડવીની ચાર શાળાઓમાં દાતાના સહયોગથી રાશન કીટ વિતરણ કરાઈ



માંડવી તા.૧૨

શહેરની ચાર શાળાઓ તાલુકા પ્રાથમિક ગ્રુપ શાળા નં.૧ ને ૧૦, ખલ્ફાનભાઈ દામાણી પ્રાથમિક શાળા નં.૨ ને ૫૦, રતનશી મૂળજી કન્યા શાળા ને પાંચ, અને ઈબ્રાહીમ પબાણી કન્યા શાળામાં પાંચ એમ કુલ્લ ૭૦ જરૂરતમંદ વિદ્યાર્થીઓ અને વાલીઓને રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રાશન કીટ માતુશ્રી જયાદેવી મૂળશંકર જોશી ચેરીટી (યુએસ), હસ્તે શૈલેન્દ્ર જોશી દ્વારા અર્પણ કરાઈ હતી.

ચારેય શાળામાં કીટ વિતરણની કામગીરી ખલ્ફાન દામાણી શાળાના પૂર્વ આચાર્ય જીતેન્દ્ર સોની દ્વારા કરવામાં આવી હતી.

તાલુકા ગ્રુપ શાળાના આચાર્યા નીલમબેન ગોહિલ,ખલ્ફાન શાળાના આચાર્ય વસંત કોચરા, રતનશી મૂળજી કન્યા શાળાના આચાર્ય બળવંતસિંહ ઝાલા, ઈબ્રાહીમ પબાણી કન્યા શાળાના આચાર્ય કમલબેન મોનાણી, એસ.એમ.સી.સભ્યો, લાભાર્થી વિદ્યાર્થીઓ તથા વાલીઓએ દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# માંડવીમાં આયોજિત નિ:શુલ્ક ચિકિત્સા કેમ્પમાં ૩૦ દર્દીઓએ લાભ લિધો



માંડવી તા.૧૨

અહીંની આરોગ્ય ક્ષેત્રે કાર્યરત સંસ્થા જનકલ્યાણ મેડિકલ સોસાયટી સંચાલિત,નવનીત કેન્સર રિસર્ચ હોસ્પિટલ અને ડાયાલિસિસ સેન્ટર દ્વારા નિ:શુલ્ક ચિકિત્સા કેમ્પ યોજવામાં આવ્યો હતો,જેમાં સ્થાનિક અને આજુ બાજુના ગામોના ૩૦ લોકોએ લાભ લીધો હતો. સંસ્થાના પ્રમુખ કિરણ સંઘવીના પ્રમુખ પદે યોજાયેલા આ કેમ્પમાં મૂળ માંડવીના મુંબઈ નિવાસી ચિકિત્સક ડૉ.કમલાબેન આશરે એસિડિટી, ફેફસા, કમર તથા ઘુંટણ વગેરેની એક્યુપ્રેશર, કલર થેરાપી તથા ગ્રેઈન થેરાપી દ્વારા દર્દીઓની સારવાર કરી હતી.

સહમંત્રી મહેશ કંસારા, સલાહકાર વી.કે.સોલંકી અને જનક આશર (મુંબઈ), ઉપપ્રમુખ શાંતિલાલ પટેલ, મંત્રી અરવિંદ શાહ, સંસ્થાના ડૉ.જયેશ મકવાણા સહયોગી રહ્યાં હતાં,આ પ્રસંગે કેમ્પમાં સેવા આપનાર મુંબઈના ચિકિત્સકનું જીનલબેન આથા (ફિઝિયોથેરા) હસ્તે અભિવાદન કરાયું હોવાનું સંસ્થાના મીડિયા કન્વીનર દિનેશ શાહે જણાવ્યું હતું.

# કોઠારા: બ્રહ્મલીન આચાર્યની દ્વિતિય પુણ્યતિથિ ભાવપૂર્વક ઉજવાઈ



નલીયા તા.૧૨

મહામુનિ આચાર્ય શ્રી ૧૦૮ કલ્યાણદાસજી મહારાજની દ્રિતિય વાર્ષિક પુણ્યતિથિની કોઠારા ખાતે કામેશ્વર મંદિર હરિહર ઉદાસીન આશ્રમ મધ્યે ધામધૂમ અને ભાવપૂર્વિક વિવિધ કાર્યકમો સાથે ઉજવણી કરવામાં આવી હતી.

સવારે પાદુકા પૂજન સહિતનાં કાર્યકમો યોજાયા હતા,જેમાં કોઠારા અને આસપાસના ગામોના લોકો હાજર રહ્યા હતા, આ નિમિતે કોઠારા કામેશ્વર સેવક ગણ દ્વારા અહીંની કન્યા શાળા, અને આશ્રમ શાળામાં અભ્યાસ કરતી ૫૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને શૈક્ષણીક કીટ ભેટ આપવામાં આવી હતી, અને કન્યાઓને ભોજન કરાવવામાં આવ્યું હતું.સમગ્ર કાયકમનું સંચાલન અને વ્યવસ્થા કામેશ્વર મહાદેવ સેવકગણ, કોઠારા દ્વારા કરવામાં આવી હતી.

# ૧૫મી ઓગસ્ટના કોઠારા જી.ટી.હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન મુલુંડમાં યોજાશે

**સ્નેહમિલનમાં ભાગ લેવા ૩૫૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રજીસ્ટ્રેશન કરાવી લીધું**

માંડવી તા.૧૨

અબડાસા તાલુકાની કચ્છમાં શૈક્ષણિક મોખરાનું સ્થાન ધરાવતી કોઠારા જી.ટી.હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન આગામી ૧૫મી ઓગસ્ટના કચ્છી લોહાણા મહાજન વાડી મુલુન્ડ(મુંબઈ) મધ્યે યોજાશે. સોમચંદ લોડાયા અને તેમની ટીમ આ સ્નેહમિલનને સફળ બનાવવા મહેનત કરી રહી છે. શેઠ ગોકલદાસ તેજપાલની જન્મભૂમિ પર આવેલી આ હાઈસ્કૂલ ઈ.સ.૧૮૬૫ થી કાર્યરત છે, શેઠના કચ્છ અને મુંબઈમાં અનેક સખાવતી ટ્રસ્ટો છે,મુંબઈમાં જી.ટી. હોસ્પિટલ, જી.ટી. હાઈસ્કૂલ, અતિથિગૃહ, હવેલી, તેજપાલ હોલ, ઓડિટોરિયમ તેમજ કોઠારા લક્ષ્મીનારાયણ મંદિર અને માંડવીમાં પણ જી.ટી. હાઈસ્કૂલ મોખરે છે શેઠ શીશીર તેજપાલ,શેઠ સુધીર તેજપાલ અને તેમના પરિવારજનો ૧૫૦ વર્ષથી સંચાલન કરી રહ્યા છે, જે સામાજિક સેવા ક્ષેત્રે આગવું ઉદાહરણ છે. અત્યાર સુધી આ સ્નેહમિલનમાં ભાગ લેવા માટે ૩૫૦ થી પણ વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રજીસ્ટ્રેશન કરાવી લીધેલ છે. જેમણે રજીસ્ટ્રેશન નથી કરાવ્યું તેમણે સોમચંદ લોડાયા મોબાઈલ નંબર ૯૩૨૨૨૭૫૪૪૦ ઉપર કરાવી લેવા અનુરોધ કરાયો છે. કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, મધ્યપ્રદેશ અને કર્ણાટક સહિત ભારતના વિવિધ રાજ્યોમાંથી બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સ્નેહમિલનમાં ભાગ લેવા માટે ઉત્સાહિત હોવાનું ભૂતપૂર્વ વિદ્યાર્થી દિનેશ શાહ (માંડવી)એ જણાવ્યું હતું.

# ગાગોદર પોલીસ દ્વારા તિરંગા યાત્રા યોજાઈ



રાપર તા.૧૨

વાગડ વિસ્તારના રાપર તાલુકાના હાઈવે પટ્ટી પર સ્થિત ગાગોદર ગામે સ્થાનિક પોલીસ દ્વારા પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ગાગોદરની તમામ ગલીઓ, મુખ્ય બજાર તથા શાળા ખાતે યોજાઈ હતી, આ તિરંગા યાત્રામાં ગાગોદર પી.એસ. આઇ ડી.જી.પ્રજાપતિ,તલાટી જુગલભાઇ, ચિતનબેન ચૌધરી, ગ્રામજનો,પોલીસ કર્મચારીઓ તથા શાળાના વિધાર્થી/ વિધાર્થીનીઓ જોડાયા હતા

# પ્રાગપર પોલીસ જવાનોએ સ્વખર્ચે ગરીબ બાળકોને ભોજન કરાવ્યું



ભુજ તા.૧૨

પોલીસ પ્રજાનો મિત્ર છે એ ઉક્તિ સાર્થક કરતા મુન્દ્રા તાલુકાના પ્રાગપર પોલીસ મથકના જવાનોએ આજે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે ગરીબ વસાહતના બાળકોને ભોજન કરાવ્યું હતું. પોલીસ મથકના પી.આઈ હાર્દિક ત્રિવેદીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ પોલીસ મથકના શિવમ જોષી અને રિતેશપૂરી ગુંસાઈ ગરીબ વસાહતમાં પહોંચ્યા હતા અને તેમના આર્થિક સહયોગથી બપોરે બાળકોને ભોજન પીરસ્યું હતું. આ પ્રસંગે શિવમ જોષીએ જણાવ્યું હતું કે, દિન દુ:ખીયા લોકોને ભોજન આપવું એ શ્રેષ્ઠ સેવા છે. આજની સેવામાં મુન્દ્રાની જન સેવાના રાજ સંઘવીએ ભોજન માટેની વ્યવસ્થા સંભાળી હતી.

# બન્ની વિસ્તારના છેવાડાના ગામોમાં રાસનકીટનું વિતરણ



ભુજ તા.૧૨

સમગ્ર કચ્છમાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે ત્યારે બન્ની જેવા અંતરીયાળ વિસ્તારમાં રહેતા લોકો આ પરિસ્થિતિમાં કામધંધાથી વંચિત રહી રાસન વિગેરે મેળવવું પણ મુશ્કેલ બની રહેતુ હોય છે ત્યારે ભુજ મંદિરના સંતો એ ચિંતા સેવીને ભુજ પ્રસાદી મંદિર ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ ઉપક્રમે મંદિરના મહંત સ. ગુ. સ્વામી ધર્મનંદનદાસ, ઉપમહંત સ. ગુ.સ્વામી ભગવદ્જીવનદાસ, સ. ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતની પ્રેરણાથી પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસ, સ. ગુ. સ્વામી મુકુંદજીવનદાસ, સ. ગુ. સ્વામી હરિબળદાસ, કોઠારી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસની આજ્ઞાથી બન્ની વિસ્તારના હાજીપીર, લમણા, ભીટારા, ગોરેવલ્લી, માધવનગર (ડુમાડો) સંતાડો વગેરે ગામોમાં અનાજ, તેલ, ખાંડ, ખીચડી, ચોખા તેમજ મસાલા સાથે રાસન અર્પણ કરવામાં આવ્યું હતું.

# લખપત તાલુકા રાજપુત ક્ષત્રિય મહાસભાનું વર્માનગર મધ્યે સ્નેહમિલન યોજાયું





**દયાપર :** લખપત તાલુકાના વર્માનગર સ્વામિનારાયણ મંદિર ખાતે લખપત તાલુકા રાજપૂત ક્ષત્રિય મહિલા સભાના યોજાયેલા સ્નેહમિલન સમારોહમાં કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય મહિલા સભા ના ચેતનાબા જાડેજા સતત પાંચમી વખત બિનહરીફ પ્રમુખપદે વરાતા તેમને તાલુકા રાજપૂત ક્ષત્રિય મહિલા સભાની ટીમ દ્વારા મોમેટો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. તાલુકા રાજપૂત ક્ષત્રિય મહિલા સભાના પ્રમુખ તરીકે શિતલબા ભાટીને નિમણૂક પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા અધ્યક્ષા ચેતનાબાએ સમાજમાં સંસ્કાર અને શિક્ષણ વિષયક વાત કરતાં જણાવ્યું હતું કે, સમાજમાં દરેક દિકરા,દિકરીને શિક્ષિત હોવું ખૂબ જરૂરી છે, ગામડાઓની દિકરીઓ માટે સમાજ દ્વારા શિક્ષણ માટે ખૂબ સારી વ્યવસ્થા જીલ્લા મથકે કરવામાં આવી છે, તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. પ્રારંભે દિપ પ્રાગટય મહેમાનો ના હસ્તે કરાયા બાદ મહેમાનો ને શિતલબા ભાટીએ આવકાર્યા હતા, આ પ્રસંગે સમાજની નાની બાળાઓ દ્વારા તલવાર રાસ રજૂ કર્યો હતો, કાર્યક્રમને સફળ બનાવવા લખપત તાલુકા રાજપૂત ક્ષત્રિય મહિલા સભાના બહેનો એ જહેમત ઉઠાવી હતી સંચાલન નિશાબા જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં તાલુકાના દરેક ગામોથી મહિલા મંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# માંડવી વિધાનસભા વિસ્તાર હરિયાળો બનાવવા ૨૫ હજાર વૃક્ષોનું વાવેતર કરાશે



માંડવી તા.૧૨

માંડવી વિધાનસભા ક્ષેત્ર હરિયાળું બનાવવા ધારાસભ્ય અનિરૂધ્ધ દવેએ સૌનો સાથ સૌનો વિકાસ સુત્રને સાર્થક કરતા, ગ્લોબલ કચ્છ, કચ્છ મિત્ર, મહાજન, સ્વૈચ્છીક સંસ્થાઓ, વિવિધ દાતાઓ, અને સ્થાનિક સ્વરાજયના સભ્યોના સહયોગથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અંતર્ગત સદ્ભાવના સેવા ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ ૨૫,૦૦૦ વૃક્ષો વાવવાની પહેલમાં માંડવી શહેરમાં- ૨૦૦૦, કારાઘોઘા ગામે- ૧૦૦૦, મદન પુરા- ૧૫૦૦, હાલાપર- ૧૫૦૦, નાગલપર- ૧૦૦૦, કોડાય- ૧૮૦૦, મુન્દ્રા શહેર- ૩૦૦૦, કપાયા મોટા- ૧૦૦૦, જનક પુર- ૨૦૦૦, પ્રાગપર- ૨૦૦૦, તલવાણા- ૨૦૦૦, રાજપર- ૨૦૦૦, દરશડી- ૨૦૦૦, શીરવા- ૨૪૦૦, વિગેરેનો સમાવેશ થાય છે. જીવદયા, માનવસેવા, મેડીકલ અને શૈક્ષણીક સેવા ક્ષેત્રે કાર્યરત સેવામંડળ માંડવ દ્વારા રૂા.૩૭,૫૦૦નો ચેક વૃક્ષ વાવવા માટે ધારાસભ્ય શ્રી દવેને સંસ્થાના પ્રમુખ અશોક શાહ, ટ્રસ્ટી જયેશ શાહ, દિનેશ શાહના હસ્તે અર્પણ કરાયો હતો. ધારાસભ્યશ્રી દવેએ આ પ્રસંગે વૃક્ષ વાવી પ્રદેશને લીલોછમ બનાવવા, સહિયારો બધાએ પોતાની ફરજ સમજીને સહયોગ આપવા બદલ આભારની લાગણી વ્યકત કરી, સદ્ભાવના સેવા ફાઉન્ડેશને બીપોરજોય સમયે જીવદયાનું ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી.

# ભુજના સાહિત્ય સર્જક 'નારી તું નારાયણી' એવોર્ડથી સન્માનિત



ભુજ તા.૧૨

સુરત ખાતે શબ્દશ્રી સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે દેશભરમાંથી પસંદ કરવામાં આવેલ ૬૪ નારી રત્નોને "નારી તું નારાયણી" એવોર્ડ કાર્યક્રમ ભારત સરકારનાં રેલ્વે અને કાપડ વિભાગના ભૂત પૂર્વ પ્રધાન દર્શનાબેન જરદોશના મુખ્ય અતિથિપદે યોજાયો હતો. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સન્માનિત નારી રત્નોને શુભેચ્છાઓ પાઠવી હતી. શબ્દશ્રીના તંત્રી વિનોદ મેઘાણી તથા તેમના પુત્ર વધુ ભાગ્યશ્રી મેઘાણીએ નારી તું નારાયણી એવોર્ડ એનાયત કરવાનું સરાહનીય કાર્ય કરી નવોદિતા સર્જકને પ્રોત્સાહન પૂરું પાડે છે. શબ્દશ્રી સંસ્થા દ્વારા કચ્છથી માંડીને ગુજરાત સુધીના તમામ દેશના જુદા જુદા ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર પ્રદાન કરનાર નારી રત્નોને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યાં હતાં. જેમાં ભુજના આરતી પરિતોષ જોષીને તેમની લખવાની શૈલી માટે એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો, વિવિધ વિષયો પર લખવાનો શોખ, દરેક પ્રવૃત્તિમાં કલાનો ત્રિવેણી સંગમ ધરાવનાર તેમજ નિર્ણાયકની ભૂમિકા બખૂબી ભજવે છે, બહુમુખી પ્રતિભાશાળી લેખિકાએ સાંચિહર સમાજનું તેમજ કચ્છનું ગૌરવ વધાર્યું છે.

# રાપરમાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓ મરામતની કામગીરી હાથ ધરાઈ



રાપર તા.૧૨

રાપર નગરપાલિકા દ્વારા હાલ શહેરની મુખ્ય બજારમાં વરસાદમાં ગાબડા પડી હતા, અને ગટર લાઈન ભરાઈ ગઈ હતી તે મરામત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

શહેરના બસ સ્ટેશન પાસે માલી ચોક, એસ.ટી રોડ, આથમણાનાકા સહિતના વિવિધ વિસ્તારોમાં રસ્તા મરામત કરવામાં આવી રહ્યા છે, પાલિકાના વહિવટદાર અને મામલતદાર એમ.કે. રાજપુત, ના.મામલતદાર શિવાભાઈ રાજપૂત,ચીફ ઓફિસર રવાજી જાડેજા, મહેશ સુથાર, સંજય મકવાણા, ચમન ચૌહાણ વિગેરે આ કામગીરી સંભાળી રહ્યા છે.

# મુંદરામાં સાડા સાત કરોડના વિકાસ કામોનું લોકાર્પણ, અને ખાતમુહૂર્ત થયા



મુંદરા તા.૧૨

આજે મુન્દ્રા બારોઇ નગરપાલિકાના સાડા સાત કરોડના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. માંડવી/ મુન્દ્રા વિસ્તારના ધારાસભ્ય અનિરૂદ્ધ દવેએ આજે મુન્દ્રા ખાતે ૭૭ લાખના ખર્ચે રાજાશાહી સમયના જેરામ સર તળાવના નગરપાલિકા અમૃત-૨ હેઠળ થયેલ ડેવલોપમેન્ટનું તેમજ શહેરના વેરાઈ ક્રુપા નગર મધ્યે એમ- ફોર ફાઉન્ડેશન દ્વારા નિર્મિત ટ્રાન્સવર્લ્ડ સ્પોર્ટ સેન્ટર (બગીચા)નું લોકાર્પણ કર્યું હતું, જ્યારે તેમના હસ્તે વિવિધ વિકાસના કામો, પૈકી ગૌરવ પથ ફેઝ-૨, બારોઈ રોડ ૨૧૨.૧૭ લાખના ખર્ચે, ૨૫૪.૯૪ લાખના ખર્ચે વાર્ડ ૧ થી ૭ ના જુદા જુદા વિસ્તારમાં પેવર બ્લોક અને સી.સી. રોડ, પાણી પુરવઠા યોજના હેઠળ બ્રાઉન્ડ્રી વોલ બનાવવા ૧૫.૮૯ લાખ, બોર બનાવવા અને મોટર ખરીદવા માટે ૧૧.૨૧ લાખ, જુદા જુદા વિસ્તારમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ નાખવા માટે ૧૦ લાખ અને મીઠી રોડ મધ્યે મતિયાદેવ મંદિર પાસે બગીચો બનાવવા માટે રૂ.૧૦ લાખના કામોનું ખાત મુહર્ત કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ધારાસભ્ય શ્રી દવે એ જણાવ્યું હતું કે જેરામ સર તળાવના ડેવલોપમેન્ટમાં ફેસ એકમાં તળાવ ની ફરતે વોકવે ,બાંકડા ,ગ્રીલ ,લાઈટિંગ અને ફેસ બે માં બીજા વિકાસના કામો થશે, જ્યારે નગરપાલિકાના અધ્યક્ષા રચનાબેન જોષીએ શહેરમાં મળી રહેલ વિવિધ વિકાસકામોની સુવિધા બદલ ખુશી વ્યક્ત કરી જેરામ સર તળાવ અંદાજે ૨૦૦ વર્ષ જૂનું છે તેનો વિકાસ કરવાની સુધરાઈની નેમ હોવાનું જણાવ્યું હતું. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન વિરમ ગઢવી એ સુધરાઈ ની ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી, આ પ્રસંગે રાજા શાહી સમયથી જોડાયેલો તુલસીદાસ સવાલી પરિવાર, સહયોગી ખાનગી કંપનીના અધિકારીઓ, કારોબારી ચેરમેન ભોજરાજ ગઢવી,જીતુ માલમ,ધમભા ઝાલા, દિલીપ ગોર, કાઉન્સિલરો, પૂર્વ નગરપતિ કિશોરસિંહ પરમાર, ડાહ્યાલાલ આહિર, મુન્દ્રા તાલુકા પંચાયત પ્રમુખ મહીપતસિંહ જાડેજા,તાલુકા ભાજપ પ્રમુખ વિશ્રામ ગઢવી,શહેર ભાજપ પ્રમુખ સંજય ઠક્કર,યુવા શહેર ભાજપ પ્રમુખ કરણ મહેતા,નરેન્દ્ર સિંહ પરમાર, ભૂપેન મહેતા,અરવિંદ પટેલ,ગૌરાંગ ત્રિવેદી,પ્રણવ જોષી,પ્રકાશ પાટીદાર,પ્રકાશ ઠક્કર, ડાહ્યાલાલ ગોહિલ,રાજુ સત્યમ,કૈલાશ સંપટ, કનૈયા ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

## અનમોલ ભેટ



રંજનબા જિતુભા જાડેજા
આદિપુર

આલે વીરા ઠંડી ઠંડી મસ્ત મજાનો લીંબુ શરબત, શું દીદી તમે પણ આખો દિવસ મને લીંબુ શરબત નાળિયેર પાણી અને ઠંડી છાશ પીવડાવીને કંટાળી નાખો છો અરે વીરા હાડાહુડ ગરમીના દિવસો છે. પણ દીદી તમને તો ખબર જ છે કે મને બજારમાં વેચાતા કોલ્ડીંગ જ પસંદ છે. તમે તો મને બહારનું નાસ્તો એ કરવા નથી દેતા અને જમવામાં પણ બસ દરરોજ નીલા શાકભાજી અને કઠોળ.. અરે મારા લાડલા વીરા આ બધું તો હું.. ત્યા વચ્ચે બોલતા વીરોએ કહ્યુ દીદી મારા બધા મિત્રો ને જુઓ દરરોજ સાંજના તેવો ફાસ્ટ ફૂડ અને કોલ્ડ્રિંક ની મજા માણતા હોય છે. અને બીજું ઘણું બધું.. હું તમને કહી નથી શકતો ! સાચું કહું વીરા ભગવાનને આપણને આ મનુષ્યરૂપી અવતાર દઈને એક અનમોલ ભેટ આપી છે. ભગવાને તો આપણા માટે આપણે માતાના ખોળામાં પ્રગટ થઈએ જેથી પહેલા જ આપણા માટે માતાનો પૌષ્ટિક દૂધ તૈયાર કરે છે. ધરતીમાં આપણા માટે પોતાના ખોળે ધાન્ય અને ફળ ફૂલ પ્રગટાવે છે અને સારી રીતે આપણા શરીરની વૃદ્ધિ થાય તે માટે છઠ્ઠે મહિને જ આપણા મુખમાં દાંત આવે છે. જેથી આપણે ખોરાક આરોગી ને એક સશક્ત દેહ પ્રાપ્ત કરીએ છીએ.. અને એ દેહમાં આત્મા રૂપી ભગવાન સ્વયં બિરાજે છે વિરા જેમ આપણે સૌ આપણા વસ્ત્રમા કાણા પડી જાય કે પછી તે વસ્ત્ર ઘસાઈ જાય કે તેનું રંગ ઊડી જાય તો આપણે તે વસ્ત્રનું ત્યાગ કરીને નવું વસ્ત્ર ધારણ કરીએ છીએ. તેવી જ રીતે આપણા શરીરની અંદર રહેલી આત્મા સ્વસ્થ શરીરની શોધમાં ફર્યા કરે છે. તેને આશક્ત અને અસ્વસ્થ રોગી શરીર ગમતું નથી. અને તે આત્મા દેહ ત્યાગ કરવા મજબૂર થાય છે. વિરાએ કહ્યુ બસ માની લીધી હું સમજી ગયો તમારી વાત.. હવેથી હું એવું કોઈ પણ નુકસાનકારક દ્રવ્ય નહીં આ રોગો જેથી મારી આત્માને દેહ છોડવા મજબૂર થવું પડે અને કારણ વગરનું રૂપિયાનું વ્યય કરવો એ પણ તું લક્ષ્મીજીનું અપમાન ગણાય માત્ર ઘડીક વારના મુખના સ્વાદ માટે આપણે ભગવાન તરફથી મળેલો આ અનમોલ દેહ શરીરને નુકસાન પહોંચાડી ને દુઃખ અને પીળા ભોગવીએ છીએ.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# ગુટલીબાજો સામે અંતે કચ્છનું શિક્ષણ તંત્ર જાગ્યુ ! ૧૧ ને નોટીસ, એક સસ્પેન્ડ,આંકડો હજુ વધશે

રાજ્યમાં લાંબા સમયથી વિવિધ સરકારી વિભાગ અને ખાસ કરીને શિક્ષણ તંત્રમાં ગેરહાજર રહેતા શિક્ષક સામે કાર્યવાહીનો મામલો સામે આવ્યા બાદ હવે કચ્છનુ તંત્ર પણ સફાળુ જાગ્યુ છે.જેમાં કચ્છની અલગ-અલગ શાળામા ૧૧ શિક્ષકો લાંબા સમયથી ગેરહાજર રહેતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં ૪ શિક્ષકો વિદેશ પ્રવાસ ગયા હોય તે મુદ્દે તમામને નોટીસ ફટકારવામાં આવી છે. આ મામલે પ્રાથમીક શિક્ષણ અધિકારી બી.એમ. વાધેલાએ જણાવ્યુ હતુ કે કચ્છની અલગ-અલગ શાળામાં ૧૧ શિક્ષકો લાંબા સમયથી અનિયમીત છે જેમને અગાઉ નોટીસ ફટકારાઇ છે. ૨ વર્ષથી આ શિક્ષકો નિયમીત પોતાની ફરજ બજાવતા નથી જેથી નોટીસ ફટકારાઇ છે અને છંતા તેઓ નિયમીત નહી થાય તો કાર્યવાહી કરાશે. આ તમામ વચ્ચે શિરવા ગામના ૧ શિક્ષકને લાંબા સમયથી ગેરહાજર રહેતા સસ્પેન્ડ કરવામા આવ્યા છે.જો કે નવાઇની વાત છે કે કચ્છમાં શિક્ષકોની ઘટ વચ્ચે ૧૧ શિક્ષકો સામે આટલા સમયથી કેમ કડક કાર્યવાહી નથી કરાઇ તે અનેક સવાલો ઉભા કરે છે.રાજ્યભરમાં આવા કિસ્સાઓ સામે આવ્યા બાદ કચ્છમાં પણ તંત્રની પોલ ન ખુલે તે માટે વર્ષો થી જેની સામે આંખ આડા કાન કરાઇ રહ્યા હતા તેની હવે તંત્ર વિગતો જાહેર કરી રહ્યુ છે. જો કે કચ્છમાં આવા શિક્ષકોની યાદી લાંબી હોવાનુ શિક્ષણ વિભાગમાંજ ચર્ચાઇ રહ્યુ છે ત્યારે તમામ તાલુકા મથકોથી આવી યાદી મંગાવી યોગ્ય તપાસ થાય તો અનેક નામો ખુલે તેમ છે ત્યારે જોવુ રહ્યુ બે વર્ષ કરતા વધુ સમયથી ચાલતી આવી લોલમલોલ સામે હવે તંત્ર શુ કડક કાર્યવાહી કરે છે.? જો કે કચ્છમાં આવા શિક્ષકો અનેક છે તેવામાં આ આંકડો વધી શકે તેમ છે રાજ્યભરમાં સરકારે દરેક તાલુકા મથકોથી આવી યાદી તૈયારી કરી મોકલવા માટે કહ્યુ છે તે બાદ સ્થાનીક તંત્ર જાગ્યુ છે કચ્છમાં શિક્ષકોની ઘટ વચ્ચે આટલા શિક્ષકો તો લાંબા સમયથી ફરજ પર જ ન હતા અને સ્થાનીક શિક્ષણ વિભાગે નોટીસ આપી સંતોષ માન્યો કેટલાક કિસ્સામા પગાર પણ ચુકવાતો હોવાનુ સામે આવ્યુ છે.

**બે વર્ષ જેટલા સમયથી કચ્છની વિવિધ શાળામાં ફરજ બજાવતા શિક્ષકો ગેરહાજર છે પરંતુ સરકારની કાર્યવાહી બાદ કચ્છના તંત્રએ પણ આળસ ખંખેરી કાર્યવાહી દેખાડી છે. વર્ષોથી ગેરહાજર છંતા માત્ર નોટીસ આપી સંતોષ મનાઇ રહ્યો છે. જો કે હવે કડક કાર્યવાહીની વાત શિક્ષણ અધિકારીએ કરી હતી આવી યાદી જીલ્લા કચેરીએ ન હોય તે નવાઇ પમાડે તેવી વાત**



## રાપરમાંજ અનેક ગેરહાજર પરંતુ જીલ્લા તંત્ર અજાણ

આજે પ્રાથમીક શિક્ષણ અધિકારીએ જે યાદી મિડીયાને આપી હતી જેમાં ૧૧ શિક્ષકોને નોટીસ ફટાકારાઇ હોવાનો દાવો કર્યો હતો પરંતુ માત્ર રાપરમાંજ આવા ગુલ્ટીબાજ ૮ શિક્ષકોને નોટીસ અપાઇ છે. રાપર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આંબા મકવાણા તથા બીઆરસી અશોક ચૌધરી દ્વારા નોટિસ ઈશ્યૂ કરવામાં આવી છે જેમાં શરણેશ્વર પ્રાથમિક શાળાના પ્રજાપતિ ગૌરી ભવાન એ રાજીનામું આપ્યું છે તે હજી મંજૂર થયું નથી પાબુનગર શાળાના પ્રજાપતિ કોમલ અમૃતલાલ, ખારીયાવાંઢ સઈ શાળાના ગાયત્રી રમેશચંદ્ર પટેલ, ટગા પ્રાથમિક શાળાના ઉત્તમ ખેંગાર સોલંકી, જાટાવાડા કન્યા શાળાના સુરક્ષા રતિલાલ નાઈ, ખાંડેક પ્રાથમિક શાળાના કારભારી રફિકબાનું તાહિરહુશેન, માનાણીવાંઢ શાળાના કરીશ્મા મુકેશ પટેલ જે પ્રસુતિ ની રજા પર છે. એમ કુલ રાપર તાલુકામાં શિક્ષકો ઘણા લાંબા સમયથી રજા પર જુદા જુદા કારણોસર ગેર હાજર છે તેઓ સામે રાપર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા પગલા લેવા માટે જિલ્લા કક્ષાએ રજૂઆત કરવામાં આવી હોવાનુ જણાવ્યુ હતુ જો કે જીલ્લા કચેરીમાં માત્ર બે વ્યક્તિઓ ગેરહાજર હોવાનુ ધ્યાનમાં છે. જે નવાઇ પમાડે તેવી વાત છે.

## કચ્છના આ શિક્ષકોને મળી નોટીસ !

કચ્છમાં શિક્ષણ વિભાગે વિદ્યાસહાયક અને રેગ્યુલર ફરજ બજાવતા કુલ ૧૧ શિક્ષકો ને નોટીસ ફટકારાઇ છે જેમાં (૧) રોનક મુકેશ પટેલ,ખારોડ,ભુજ (૨) દિપીકા હરગોવન રાઠોડ, દેઢીયા, ભુજ (૩) કાજલ મુકેશ પ્રભાકર, નાના સરાડા, ભુજ (૪) અંકિતા પ્રતાપ ચૌધરી, ધોબ્રાણા, ભુજ (૫) જાનકી માના રત્નુ, મોરાવાંઢ, ભુજ (૬) પીંકી રમણલાલ બ્રહ્મભટ્ટ, રેઢારવાંઢ, ભુજ (૭) કિમલ રમેશ પટેલ, ઈન્દીરા નગર, ગાંધીધામ (૮) પુનમ.એ.દેસાઇ નખત્રાણા, નેત્રા (૯) ભુમીકા પ્રવિણ પટેલ, હિરાપર, અંજાર (૧૦) હેતલ ગોસ્વામી, ગાંધીધામ (૧૧) પટેલ ચારૂલ, રાપર,(૧૨) શેખ અસ્કિના, રાપર નો સમાવેશ થાય છે. જે પૈકી દિપીકા રાઠોડ એ રાજીનામુ આપ્યુ હોવાનુ સામે આવ્યુ છે તો અંકિતા ચૌધરી, હેતલ ગોસ્વામી, ચારૂલ પટેલ, શેખ અસ્કિનાને વિદેશ જવા મામલે નોટીસ ફટકારાઇ છે.

# રાષ્ટ્રવાદની ભાવના જગાવવા




**ગાંધીધામ, ભચાઉ, મુંદરા, અબડાસા તથા લખપત તાલુકામાં તાલુકાકક્ષાના કાર્યક્રમો યોજાયો જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદને દેશવટો આપવા કાર્યક્રમોમાં સંદેશો પાઠવાયો તિરંગા યાત્રાના માધ્યમથી શહેર તથા ગામોમાં 'હર ઘર તિરંગા અભિયાન' હેઠળ ઘરો, વ્યવસાય સ્થાનો પર તિરંગો લહેરાવાયો**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રભાવનાની જ્યોત ઘર ઘરમાં જગાવવા માટે તા.૯ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાનમાં દેશવાસીઓને જોડાવા આહ્વાન કર્યું છે, જેને અનુસરીને સમગ્ર દેશ તિરંગાના રંગમાં રંગાઈને એકતાના સૂત્રમાં પરોવાઈ ગયો છે. 'હર ઘર તિરંગા અભિયાન'માં આપણા ઘરો, વ્યવસાય સ્થાનો પર તિરંગો લહેરાવીને ભારતની એકતાનું ગૌરવ ગાન કરવા અને દેશ પ્રત્યે સમર્પણ ભાવની જ્યોતને પ્રજ્વલિત કરવા આજરોજ કચ્છના દરેક તાલુકા મથક તથા દરેક ગામમાં તિરંગા યાત્રા યોજીને નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનમાં જોડાવવા આહ્વાન કરાયું હતું. શનિવારે કચ્છમાં તાલુકા કક્ષાના કાર્યક્રમોમાં ગાંધીધામ, ભચાઉ, મુંદરા તથા નખત્રાણા શહેરમાં તથા અબડાસા તાલુકામાં નલીયા તથા લખપતમાં દયાપર ખાતે તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાના માધ્યમથી સૌ નાગરિકોને પ્રત્યેક ઘરો પર તિરંગો લહેરાવવાની અપીલ સાથે દેશની એકતા, અખંડિતતા, એક ભારત, શ્રેષ્ઠ ભારતના સપનાને સાકાર કરવા સહયોગ આપવા ઉપસ્થિત પદાધિકારીઓ દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું.લખપત તાલુકાના દયાપર તથા અબડાસાના નલીયા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ, જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદને દેશવટો આપીને રાષ્ટ્રવાદની ભાવના જગાવવા અનુરોધ કર્યો હતો. મુંદરા તાલુકાના ભુજપુર ખાતેની તિરંગા યાત્રામાં ધારાસભ્ય અનિરુધ્ધ દવેએ દેશના વિકાસમાં શ્રેષ્ઠ યોગદાન આપી એક અને નેક બનવા પ્રત્યેક દેશવાસી પ્રતિબદ્ધ બને એવી ભાવના વ્યક્ત કરી હતી. ભચાઉ ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ દરેક કચ્છીઓને હર ઘર તિરંગા અભિયાનમાં સક્રિયતાથી જોડાઈને માનભેર ઘર, દુકાન, વાણિજ્ય સંકુલો વગેરે પર સ્થાન આપીને દેશભક્તિના આ પર્વને વધુ હોંશભેર ઉજવવા જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા પણ તિરંગા યાત્રા માં જોડાયા હતા.શહેર તથા ગામે ગામ નીકળેલી તિરંગા યાત્રાથી શહેર તથા ગામની ગલીઓ દેશભક્તિના નારા ઓથી ગુંજી ઉઠી હતી. તિરંગા યાત્રા માં વિદ્યાર્થીઓ, ગ્રામજનો, સામાજીક સંસ્થાઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો, બીએસએફ ના જવાનો તથા મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમીઓ જોડાઈને ભારતદેશની એકતાનો પરિચય આપ્યો હતો.

## ગાંધીધામમાં ૩૦૦ મીટરના રાષ્ટ્રધ્વજ સાથે યાત્રા

'હર ઘર તિરંગા'' અભિયાન અંતર્ગત ભુજ બાદ ગાંધીધામ ખાતે ગાંધીમાર્કેટથી ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની તિરંગા રેલીનો સાંસદ વિનોદ ચાવડાએ લીલીઝંડી આપીને પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે દરેક કચ્છવાસીઓને હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી બની ઘર ઘર તિરંગો લહેરાવીને એકતા, સમરસતા તથા રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ પ્રબળ બનાવવા અનુરોધ કર્યો હતો.ગાંધીમાર્કેટથી પ્રારંભ થયેલી રેલી મુખ્યબજારથી ફરી ઝંડાચોક ખાતે પૂર્ણ થઇ હતી. તિરંગા રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો, બીએસએફ તથા હોમગાર્ડના જવાનો, વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. સાંસદ વિનોદ ચાવડા-ધારાસસભ્ય માલતી મહેશ્વરીએ હર ઘર તિરંગા અભિયાન તથા તિરંગા યાત્રા ના માધ્યમથી આવનારી પેઢીમાં દેશપ્રેમની ભાવના, સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવનામાં વધારો થાય તે હેતુથી યાત્રામાં તમામ જોડાય તેવી અપિલ કરાઇ હતી આ કાર્યક્રમમાં ગાંધીધામ નગર પતિ તેજશ શેઠ, ઉપપ્રમુખ દિવ્યા નાથાણી, કારોબારી ચેરમેન એ. કે.સિંગ, એસ.પી સાગર બાગમાર, જિલ્લા વિકાસ અધિકારી નિકુંજ પરીખ, અંજાર પ્રાંત અધિકારી સુનીલ સોલંકી, આગેવાન ધવલ આચાર્ય, મહેશ પુંજ, મહેશ તિર્થાણી, જિલ્લા વહીવટીતંત્રના તમામ શીર્ષ અધિકારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ચાંદીપુરા વાયરસ બાદ ગુજરાતમાં હવે માલ્ટા તાવનો ખતરો

નવી દિલ્હી, તા.૧૨

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસ ઓછા જરૂર થયા છે પરંતુ તે હજુ અટક્યા નથી. આ દરમિયાન, ગુજરાતમાં એક તબીબી અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ભવિષ્યમાં કઇ બિમારીઓનું જોખમ હોઇ શકે છે તે અત્યારથી જ બહાર આવ્યું છે. મીડિયા રિપોર્ટ અનુસાર, સેન્ટર ફોર વન હેલ્થ એજ્યુકેશન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં તબીબી અભ્યાસના મૂલ્યાંકન રજૂ કરવામાં આવ્યું છે.

એક અભ્યાસ વન હેલ્થ એજ્યુ-કેશન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે, પ્રાણીઓ અને બેક્ટેરિયાથી કેવા પ્રકારની બીમારીઓ થઈ શકે છે અને વ્યાપકપણ ફેલાઈ શકે છે. ગુજરાતમાં માલ્ટા ફીવર અને રેબીઝનો શંકાસ્પદ ખતરો હોવાનું સામે આવ્યું છે. જો કે, હાલમાં રાજ્યમાં માલ્ટા તાવનો એક પણ કેસ નોંધાયો નથી. માલ્ટા તાવ શું છે, તે શા માટે થાય છે અને તે કેવી રીતે ફેલાય છે? આ વિશે નિષ્ણાતો કહે છે કે, માલ્ટાના તાવને કોબ્રુસેલોસિસ કહેવાય છે, જે બ્રુસેલા બેક્ટેરિયાથી થતો રોગ છે. બ્રુસેલોસિસ ચેપગ્રસ્ત પ્રાણીઓનું દૂધ પીવાથી, બિન પાશ્ચરાઇઝ્ડ દૂધના ઉત્પાદનો ખાવાથી અને ચેપગ્રસ્ત પ્રાણીઓના સંપર્કમાં આવવાથી થાય છે. રાજસ્થાન વેટરનરી યુનિવર્સિટીના ડૉ. આર રાવત માલ્ટા તાવ અંગે સમજાવે છે કે, બ્રુસેલા બેક્ટેરિયા તમારા મોં, નાક અને ત્વચા દ્વારા માનવ શરીરમાં પ્રવેશે છે. જ્યારે કોઈ વ્યક્તિ આવા પ્રાણીઓના શરીરના કોઈપણ પ્રવાહીને સ્પર્શ કરે છે, ત્યારે બ્રુસેલા બેક્ટેરિયા ત્વચાના છીદ્ર દ્વારા અથવા નાક અને મોં દ્વારા માનવ શરીરમાં પ્રવેશી શકે છે. આ બેક્ટેરિયા લસિકા ગાંઠો સુધી પહોંચે છે, જ્યાં તે ધીમે ધીમે વધે છે. ત્યાંથી, તે તમારા હૃદય, યકૃત અને હાડકાં સુધી વહન કરે છે. આવા બેક્ટેરિયા શરીરના કોઈપણ ભાગ પર હુમલો કરી શકે છે. જો કોઈ ગાય અથવા ભેંસ આ વાયરસથી સંક્રમિત થાય છે અને માણસ તેના નજીકના સંપર્કમાં આવે છે, તો બ્રુસેલા બેક્ટેરિયા માણસમાં ફેલાય છે.


CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# કચ્છમાં ફરજ બજાવી ગયેલા ફાયર ઓફીસર રાજકોટ લાંચમાં ઝડપાયા

**રાજકોટ ગેમ ઝોનની ઘટના પછી સરકાર કડક બનતા લોકો મજબુર બન્યા છે : ફાયર સેફ્ટીના નિયમોના પાલન માટે ત્યારે તેની મજબુરીનો લાભ લઇ અનેક લોકો આ રીતે મજબુર થઇ એનઓસી મેળવવા માટે પૈસા ચુકવી રહ્યા છે તેવી લોકોમાં ચર્ચા છે : ત્યારે સમગ્ર મામલો ઉંડી તપાસ થાય તે જરૂરી છે**

ભુજ તા.૧૨

અગાઉ કચ્છમા ફાયર વિભાગમાં ફરજ બજાવી ગયેલા અને તાજેતરમા પણ રાજ-કોટ અગ્નીકાંડ બાદ વિશેષ કામગીરી માટે કચ્છ આવેલા અધિકારી રાજકોટમાં લાંચ લેતા ઝડપાઇ ગયા છે. ઈ.ચા ચીફ ફાયર ઓફીસર રાજકોટ મહાનગરપાલીકા અનીલકુમાર બેચર મારુ ૧,૮૦,૦૦૦/- ની લાંચ લેતા એસીબીએ ઝડપી



પાડ્યા છે આ કિસ્સામાં ફરિયાદી ફાયર સેફ્ટી ફીટીંગની કામગીરી કરે છે. અને રાજકોટ શહેરમાં એક ઈમારતમાં પોતે કરેલ ફાયર સેફ્ટી અંગેની એનઓસી મેળવવા માટે ગયા હતા પરંતુ અનીલ મારૂએ ફરિયાદી પાસે રૂપીયા ૩,૦૦,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરેલ જેથી જેતે વખતે ફરિયાદીએ રૂપીયા ૧,૨૦,૦૦૦/- આપી દીધેલ અને આક્ષેપીતે બાકીના લાંચના રૂપીયા ૧,૮૦,૦૦૦/- ચાર પાંચ દીવસમાં આપી જવાનું જણાવી બાદમાં એસીબીનો સંપર્ક કરતા આજે ચીફ આયર ઓફીસરની કચેરીમાં છટકુ ગોઠવી તેને પકડી પડાયો હતો.

ફરીયાદી પૈસા આપવા માંગતા ન હોય ફરિયાદીએ જામનગર એસીબીનો સંપર્ક કર્યો હતો જે બાદ ફરિયાદ આધાર ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન અનીલ મારૂ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રુ. ૧,૮૦,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી રૂ.૧,૮૦,૦૦૦/- લાંચના નાણાં લેતા ઝડપાઇ ગયા હતા મદદનીશ નિયામક,એ.સી.બી. રાજકોટના સુપરવિઝન અધિકારી કે.એચ.ગોહિલના માર્ગદર્શન હેઠળ જામનગર એસીબી પોલીસ સ્ટેશનના પીઆઇ આર.એન. વિરાણીએ આ દરોડોની કાર્યવાહી કરી હતી સરકારના આદેશ બાદ લોકો ફાયર એન.ઓ.સી લેવા માટે મજબુર બન્યા છે ત્યારે આ તો માત્ર સામે આવેલો કિસ્સો છે. પરંતુ મજબુરીમાં આવા અનેક લોકો કટકીની આ સાંકળમાં ભોગ બન્યા છે ત્યારે સમગ્ર મામલે ઉંડાણ પુર્વકની તપાસ સાથે કાર્યવાહી થાય તે જરૂરી છે.

## કચ્છમાં શ્રાવણ માસમાં જુગાર પૂર બહારમાં

**અંજાર, બિદડા અને ચોબારીમાં ચાર ચાર પતા પ્રેમી ઝડપાયા: ચોબારીમાં બે નાશી ગયા**

ભૂજ તા.૧૨

કચ્છમાં શ્રાવણ માસમાં જુગારીઓને નસીબ અજમાવવાનો ચસકો લાગ્યો છે તો બીજી તરફ પોલીસે ખેલીઓ ઉપર ઘોસ બોલાવવાનું ચાલુ રાખ્યું છે.

**અંજારમાં ૪ ખેલી પકડાયા**

સંભારની મિથિલા-૧ શેરીમાં મોડી રાત્રે જુગાર રમી રહેલા શખ્શો પર પોલીસે ત્રાટકી દર્શન પાંચા આહીર, અલ્પેશ ધનશ્યામ શુક્લ, દિવ્યરાજસિંહ નરપતસિંહ જાડેજા, અને દિવેશ રમેશ બોરીચાને અંજાર પોલીસે પકડી પાડ્યા હતા તેમની પાસેથી રોકડા રૂ.૧૧,૦૦૦ કબ્જે કરાયા હતા.

**બિદડામાં ઝાડ નીચે પતા ટીંચતા ૪ ઈસમો ઝડપાયા**

માંડવી તાલુકાના બિદડા ગામે મફતનગરમાં સામત બાબુ જોગીના ઘર સામે ખુલ્લા આંગણામાં લીમડ-ાના ઝાડ નીચે જુગારમાં નસીબ અજમાવતા સામત બાબુ જોગી, હુશેન ઈશાક સાટી, કાનજી મેઘજી જોગી અને કલ્યાણ સામત જોગી ને રૂ.૧૦,૨૭૦ સાથે બાતમી આધારે રેઈડ કરી પકડી પાડ્યા હતા.

**ચોબારીમાં બાવળની ઝાડી પાછળ ૪ શખ્શો જુગાર રમતા જબ્બે**

ભચાઉ તાલુકાના ચોબારીમાં ગામના પાધર વાડી વિસ્તારમાં બાવળોની ઝાડીમાં તીનપતીનો જુગાર રમતા રણમલ ભુરા ઢીલા, મનજી આલા મકવાણા, ગોવિંદ અરજણ મેરિયા, અને રમેશ નારાણ જાદવ ઝડપાઇ ગયા હતા જ્યારે ઈશ્વર માદેવા ખેતાણી અને વશરામ નામેરી ચાવડા નાશી જવામાં સફળ રહ્યા હતા, ભચાઉ પોલીસે પકડાયેલા ઈસમો પાસેથી રોકડ રૂ.૨૭,૩૦૦, મોટર સાયક્લ-૪ કિ.૧,૧૦,૦૦૦ અને મોબાઈલ-૨ કિ. રૂા.૨૦,૦૦૦ એમ કુલ્લ ૧,૫૭,૩૦૦ હસ્તગત કર્યા હતા.

## નાની રવમાં ૧ લાખના બીયર ટીન પકડાયા: આરોપી હાજર ન મળ્યો




ગાંધીધામ તા.૧૨

રાપર તાલુકાના બાલાસર વિસ્તારમાંથી બાલાસર પોલીસે ૧૦૦૮ બીયરના ટીન પકડી પાડ્યા છે, જોકે પોલીસને આરોપી હાજર મળ્યો ન હતો. બાલાસર પોલીસ સબ ઈન્સ્પે. એસ.વી.ચૌધરીને મળેલ બાતમી આધારે નાની રવના આરોપી વિરૂભા રાજાભા ગઢવીને ત્યાં રેઇડ પાડી બીયરના ટીન નંગ - ૧૦૦૮ કિ. રૂ. ૧, ૦૦, ૮૦૦ પ્રોહી. મુદામાલ પકડી પાડ્યો હતો, આરોપી ની મહિન્દ્રા કંપનીની બોલેરો ગાડી રૂ.૩,૦૦,૦૦૦ સહિત રૂ.૪,૦૦,૮૦૦ હસ્તગત કરાયો હતો.

આ કામગીરી બાલાસર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ. વી.ચૌધરી તથા સ્ટાફના માણસો સાથે રહીને કરી હતી.

## વરસામેડીમાં ગેસના બાટલાનો ગેરકાયદે ધંધો કરતો દુકાનદાર ઝડપાયો

**સંગ્રહ કરેલા ભરેલા અને ખાલી ૨૦૦ બાટલા મળી આવ્યા**

ગાંધીધામ તા.૧૨

અંજાર તાલુકાના શાંતીધામ વરસામેડી વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે કોમર્શીયલ તેમજ ઘરેલુ ગેસ બાટલા, રીફીલીંગ કરવા માટે ઉપયોગમાં લેવાતો સામાન તથા વાહનો સાથે અંજાર પોલીસે આરોપીને પકડી પાડ્યો હતો અંજાર પી.આઈ.એ.આર.ગોહીલની સુચના મુજબ અંજાર પોલીસ સ્ટાફના માણસો વરસામેડી સીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, યોગરાજ સિંહ ઈન્દ્રસિંહ વાઘેલા વરસામેડી સીમમાં આવેલ શાંતીધામ-૦૨ માં પ્લોટ નં.૧૩ વાઘેશ્વરી એન્ટરપ્રાઈઝ પ્રોવીજન સ્ટોર નામની પોતાની દુકાનમાં ગેરકાયદેસર રીતે કોમર્શીયલ તેમજ ઘરેલુ ગેસ બાટલા રાખી લોકોના જીવ જોખમમાં મુકે તેવી પ્રવૃતી કરી દુકાનમાં આવતા ગ્રાહકોને ઉંચા ભાવે ગેસના બાટલા વેચાણ કરે છે, બાતમી આધારે તે જગ્યાએ જઈ રેઈડ કરી, ચેક કરતા મજકુર ઈસમ પાસે કોઇ પરવાનો ન હોવા છતાં અલગ અલગ કપંનીના ગેસના બાટલા પોતાના કબ્જામાં રાખી ઘરેલુ તથા કોમર્શીયલ ગેસના બાટલા રીફીલીંગ કરતો હતો,જે ગેરકાયદેસની પ્રવૃતી જણાઈ આવતા મજકુર ઈસમના કબ્જામાંથી આધાર પુરાવા વગરના મુદામાલ સાથે પકડી પાડી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વરસામેડીના રહીશ આરોપી યોગરાજસિંહ પાસેથી પોલીસે ઘરેલુ ગેસના ભરેલા બાટલા-૬૫ કિ. રૂા.૯૭,૫૦૦, ખાલી






બાટલા-૮૪ કિ. રૂ.૮૪,૦૦૦ તેમજ કોમર્સીયલ ઉપયોગના ભરેલા બાટલા નંગ-૧૨, રૂ.૨૪,૦૦૦ અને ખાલી બાટલા-૩૯ રૂ.૩૯,૦૦૦ બાટલા રીફીલિંગ કરવાના સાધનો રૂા.૪૦૦૦, મોબાઈલ નંગ-૧ રૂ.૫,૦૦૦ જુદી જુદી કંપની ના બે છકડા રીક્ષા રૂ.૨,૦૦,૦૦૦ એમ કુલ્લે રૂ.૪,૫૮,૫૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો. કામગીરી અંજાર પો.ઈ. એ.આર. ગોહિલ, સબ ઈન્સ્પેક્ટર જે.એસ. ચુડાસમા, તથા સ્ટાફના માણસોએ સાથે રહી કરી હતી.

### ગેસ બાટલાની કાળા બજારી રોકવા ભુજમાં બેઠક યોજાઈ




કચ્છ જિલ્લાના તમામ ગેસ એજન્સી સંચાલકો તથા કચ્છ જિલ્લાના ઉજ્જવલા યોજના અને ઓઈલ માર્કેટીંગ કંપનીના અધિકારીઓ સાથે તા.૧૦/૦૮ ના કલેકટર કચેરી કોન્ફરન્સ હોલ, ભુજ ખાતે એક બેઠક યોજવામાં આવી હતી, જેમાં ગેસ એજન્સી ધારકોને ગેસ બોટલ અંગે કોઇ પણ પ્રકારની કાળા બજારી ન થાય, ઘરગથ્થુ વપરાશના સબસીડાઇઝ્ડ ગેસ સીલિન્ડરોનો ગેર-કાયદેસર રીતે કોમર્શીયલ હેતુ માટે વપરાશ કરવામાં ન આવે, સીલિન્ડરોનું ખોટી રીતે ડાયવર્ઝન ન થાય તેમજ અનઅધિકૃત રીતે ગેસ રીફીલીંગ સદંતર બંધ થાય, ગેસ કાર્ડધારકોને ગેસ સીલિન્ડર મેળવવામાં કોઈ મુશ્કેલીઓ ઉભી ન થાય તે માટે તમામે તકેદારી રાખવા અને પુરવઠાની તપાસણીમાં કોઇ ગેરરીતિઓ થતી જણાઈ આવશે તો સરકારની સુચના મુજબ સખત પગલાં લેવામાં આવશે તેવી તમામ એજન્સી સંચાલકોને જિલ્લા પુરવઠા અધિકારી એ.એસ.હાશમી દ્વારા તાકીદ કરાઈ હતી. જોકે તાજેતરમાં જ વરસામેડીમાં ગેસ બાટલાનું કૌભાંડ ઝડપાયું છે.ત્યાર બાદ તંત્ર જાગતા તંત્રની સક્રિયતા સામે અનેક સવાલો ઉભા થયા છે. જો કે જાગ્યા ત્યારથી સવાર તેમ હવે તંત્ર આવી કાળાબજારી પર કડક કાર્યવાહી કરે.

## નિરોણામાં ખાણખનીજ વિભાગનો સપાટો

ભુજ તા.૧૨

કચ્છમાં ખનીજ ચોરી હવે સામાન્ય બની છે તેવામાં ખાણખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કવોર્ડે સપાટો બોલાવ્યો છે. અને નિરોણા વિસ્તારમાં ચાલતી રેતીચોરી પર તવાઇ બોલાવી સાધનો જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે. તપાસટીમ દ્વારા રવિવારે મોડી રાત્રે નખત્રાણા તાલુકાના નીરોણા ખાતે પ્રાઈવેટ વાહનમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરાયુ હતુ જેમાં તપાસ દરમ્યાન સાદી રેતી ખનીજની ગેર-કાયદેસર હેરફેર ધ્યાન આવતા એક એકસકેવેટર મશીન તથા બે ડમ્પરમાં સાદી રેતી ખનિજ ભરેલ જપ્ત કરાયા હતા. ત્રણે વાહનો સીઝ કરી નીરોણા પોલીસ સ્ટેશને કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. સાથે સાદી રેતી ખનિજ






ચોરી અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા માં આવી છે.અત્રે ઉલ્લખનીય છે. કે રેતી-કાંકરી સહિતની વસ્તુઓની માંગ વધતા તેની ચોરીનુ પ્રમાણ વધ્યુ છે તેવામાં ઉંડી તપાસ કરવામાં આવે તો મોટુ કૌભાંડ ખુલે તેમ છે.

## ભુજના એસીડ ફેકવાના તેમજ મારામારીના ગુનામાં નાસતો ફરતો આરોપી પકડાયો

ભુજ તા.૧૨

નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે પેરોલ ફર્લો સ્કોડ, ના માણસો પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પો.હેડ.કોન્સ. ધર્મેન્દ્ર મુળશંકર રાવલને ખાનગી રાહે બાતમી મળેલ કે, ભુજ બી ડીવીઝન પો.સ્ટે.માં નોંધાયેલ મારા મારી અને એસીડ ફેંકવાના ગુનાનો આરોપી ધરપકડથી બચવા નાસતો ફરતો ભુજનો અનવર હુસેન આદમ સીદીક ખત્રી, હાલમાં મોટાપીર ચોકડી પાસે પ્રભાત બેકરી પાસે હાજર છે, બાતમી આધારે સ્ટાફના માણસોએ જઇ મજકુરને હસ્તગત કરી પેરોલ ફર્લો સ્કોડની કચેરીએ લાવી ગુના કામે ખાત્રી કરતા ઉપરોકત ગુના કામે નાસતો ફરતો હોઇ મજકુરને સી.આર.પી. સી કલમ ૪૧(૧), (આઇ) મુજબ



અટક કરી આગળની કાર્યવાહી માટે બી ડીવીઝન પો.સ્ટે.માં સોંપવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પેરોલ ફર્લો સ્કોડ પશ્ચિમ કચ્છ ભુજના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેકટર જે.કે.બારીયા સાથે એ.એસ.આઇ. રૂદ્રસિંહ જાડેજા પો.હેડ. રાવલ, વિમલ ગોડેશ્વર પો.કોન્સ.નીરુબેન તથા ડ્રા.પો.હેડ. કોન્સ.શુરેશ ચૌધરી જોડાયેલ હતા.